Monday, 15 June 2026
પાના : ૮ ● કિંમત : રૂા.૩.૦૦

કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવથી પ્રસિધ્ધ થતું નં.૧ દૈનિક

गते शोको न कर्तव्यो भविष्यं नैव चिन्तयेत्।
वर्तमानेन कालेन वर्तयन्ति विचक्षणाः॥

તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક

# વર્તમાન પ્રવાહ

તંત્રી : મુકેશ ગોસાવી

RNI No. DDGUJ/2003/13906

દમણ કાર્યાલયઃ કલેક્ટર ઓફિસ નજીક, વીઆઈપી સર્કિટ હાઉસની સામે, ઢોલર, મોટી દમણ. Mo. 99796 19477. E-mail: vartmanpravah@gmail.com / editor.vartmanpravah@gmail.com

દમણ (VARTMAN PRAVAH, DAMAN) ● વર્ષઃ ૨૩ ● અંકઃ ૧૮૬ ● સંવત-૨૦૮૨ અધિક જેઠ વદ અમાસ/નિજ જેઠ સુદ એકમ ● Web: www.vartmanpravah.com vartmanpravah @VartmanPravahD



તમે માનવતામાં વિશ્વાસ ગુમાવી ન જવું જોઈએ. માનવતા એક સમુદ્ર છે; જો કેટલીક સમુદ્રની કોશની કુછબેસી જાય છે, તો સમુદ્ર કેવી રીતે ગંદુ બને છે.
- મહાત્મા ગાંધીજી

## સંઘપ્રદેશના પ્રશાસક પ્રફુલભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ

# દાનહ જિલ્લામાં શાળા પ્રવેશોત્સવ ૨૦૨૬-૨૭ની ભવ્ય ઉજવણી કરાઈ

**નવા પ્રવેશ પામેલા વિદ્યાર્થીઓનું આંબોલીના શાળા પરિસરમાં પરંપરાગત તિલક, ફૂલોની વર્ષા અને ઢોલના તાલ સાથે કરવામાં આવ્યું ઉષ્માભર્યું સ્વાગત**











**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સેલવાસ, તા.૧૪**

કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવ તથા લક્ષદ્વીપના પ્રશાસક શ્રી પ્રફુલભાઈ પટેલના શિક્ષણ પ્રત્યેના તેમના દૂરંદેશી અભિગમ અને માર્ગદર્શન હેઠળ, શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ માટે દાનહ જિલ્લામાં 'શાળા પ્રવેશોત્સવ'ની ભવ્ય ઉજવણી આજે કેન્દ્રીય પ્રાથમિક વિદ્યાલય, અંબોલીમાં કરવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં નાયબ પોલીસ મહાનિરીક્ષક (ડી.આઈ.જી.) શ્રી સંતોષ કુમાર મીણા, શિક્ષણ સચિવ ડૉ. અરુણ ટી., વિશેષ સચિવ (શિક્ષણ), શિક્ષણ નિયામક, પોલીસ અધિક્ષકશ્રી, દાદરા નગર હવેલી જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી નિશાબેન ભવર, સેલવાસ નગરપાલિકાના પ્રમુખ શ્રી સોમનાથ દેવરે, વહીવટી તંત્રના વિવિધ વિભાગોના વરિષ્ઠ અધિકારીઓ, જનપ્રતિનિધિઓ, પંચાયતના પ્રતિનિધિઓ, વાલીઓ અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

શાળા પ્રવેશોત્સવનો મુખ્ય ઉદ્દેશ્ય નાના બાળકોને પહેલી વાર શાળામાં પ્રવેશતા આવકારવાનો, તેમને શિક્ષણના મુખ્ય પ્રવાહ સાથે જોડવાનો અને તેમના ઉજ્જવળ ભવિષ્યની શુભેચ્છા પાઠવવાનો છે.

- (વધુ પાના નં.૨ પર)

# દમણ અને દીવ જિલ્લામાં 'શાળા પ્રવેશ સમારોહ' ખૂબ જ ધામધૂમથી ઉજવવામાં આવ્યો



**સફળતા માટે કોઈ શોર્ટકટ નથી; બાળકોએ વૈજ્ઞાનિક અભિગમ અને નૈતિક મૂલ્યો અપનાવવા જોઈએ: ડીઆઈજી સંતોષ કુમાર મીણા**

**શૈક્ષણિક સંસ્થાઓ ફક્ત ઔપચારિક શિક્ષણના કેન્દ્રો નથી, પરંતુ બાળકોના ચારિત્ર્ય નિર્માણ અને સર્વાંગી વ્યક્તિત્વ વિકાસ માટેનો મુખ્ય પાયો છેઃ સંતોષ કુમાર મીણા**

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દમણ/દીવ, તા.૧૪**

કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવના પ્રશાસક શ્રી પ્રફુલભાઈ પટેલના સક્ષમ માર્ગદર્શન હેઠળ, ૧૩ જૂન, ૨૦૨૬, શનિવારના રોજ દમણ અને દીવ જિલ્લાની તમામ પ્રાથમિક શાળાઓમાં 'શાળા પ્રવેશોત્સવ સમારોહ' ખૂબ જ ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો.

આ ખાસ ઝુંબેશ હેઠળ, કેન્દ્રશાસિત પ્રદેશના નાયબ પોલીસ મહાનિરીક્ષક (ડી.આઈ.જી.) શ્રી સંતોષ કુમાર મીણાએ કચીગામની ગૌતમ બુદ્ધ ઉચ્ચ પ્રાથમિક શાળામાં પહોંચીને બાલ વાટિકા (પ્રિ-પ્રાથમિક) અને ધોરણ-૧માં પ્રવેશ લઈ રહેલા નાના બાળકોને આનંદભર્યા વાતાવરણમાં શાળામાં પ્રવેશ કરાવી તેમને ઉજ્જવળ ભવિષ્ય માટે આશીર્વાદ આપ્યા હતા.

આ ગૌરવપૂર્ણ પ્રસંગે શિક્ષણ સચિવ શ્રી ટી. અરુણ, કૃષિ અને વિશેષ શિક્ષણ સચિવ ડૉ. વિવેક કુમાર, જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી કે.ટી. બંસલ, શિક્ષણ નિયામક શ્રીમતી મહિમા તોમર, દમણ જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી ધરમભાઈ પટેલ,

- (વધુ પાના નં.૨ પર)

ચોથી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



સ્વ. ગૌતમસિંહ નટવરસિંહ ગોહિલ

જન્મ તા.૨૬-૦૫-૧૯૮૧ । સ્વ.તા.૧૫-૦૬-૨૦૨૨

રડી પડે છે આંખો અમારી દરેક પ્રસંગે ખટકશે ખોટ તમારી, નાની ઉંમરે તમારી અણધારી વિદાય અમો સર્વના કાળજા કંપાવી ગઈ, મન હજુ માનતું નથી કે તમે અમારી વચ્ચે નથી, આંખોના આંસુ લુછાઈ જાય છે, પણ હૃદયના આંસુ હંમેશા એમના એમ રહી જાય છે. પ્રભુ તમારા દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના...

લિ.

ગં.સ્વ. પૂર્વીબેન ગૌતમસિંહ ગોહિલ (પત્ની)
આયુષ ગૌતમસિંહ ગોહિલ (પુત્ર)
જશ ગૌતમસિંહ ગોહિલ (પુત્ર)

નટવરસિંહ રામસિંહ ગોહિલ (પિતા)
નયનાબેન નટવરસિંહ ગોહિલ (માતા)
પિયૂષ નટવરસિંહ ગોહિલ (ભાઈ)
પારૂલબેન પિયૂષસિંહ ગોહિલ (વહુ/ભાભી)

દિનેશસિંહ ભાણાભાઈ સોલંકી (બનેવી)
મનિષાબેન દિનેશસિંહ સોલંકી (બહેન)
હેત્વી, અદિતી, પ્રિયા, શૈલી
તથા ગોહિલ પરિવાર

નાણાં માટેનો વચેટિયો (મની મ્યૂલ) એક એવી વ્યક્તિ છે જે કોઈકના વતી ગેરકાયદેસર સંપાદન કરેલાં નાણાં ટ્રાન્સફર કે હેરફેર કરે છે.

નાણાં માટેના વચેટિયા ના બનો



તમારું બેંક ખાતું = તમારાં નાણાં

- નાણાં ટ્રાન્સફર કરવા કોઈને પણ તમારા બેંક ખાતાનો ઉપયોગ કરવા દેશો નહીં.
- તમારા બેંક ખાતા દ્વારા અન્યને નાણાં મેળવવાની કે મોકલવાની પરવાનગીથી તમને જેલ થઈ શકે છે.
- તમારી બેંકની વિગતો ઓટીપી, કે પાસવર્ડ ક્યારેય કોઈની પણ સાથે શેર કરશો નહીં

તમારા ખાતાનું સંરક્ષણ, મતલબ તમારું પોતાનું સંરક્ષણ.

સહેલાઈથી મળતાં નાણાં ક્યારેય જોખમ વિનાનાં હોતાં નથી.

ક્યૂઆર કોડ સ્કેન કરો
વધુ જાણકારી માટે મુલાકાત લો https://rbikehtahai.rbi.org.in
પ્રતિભાવ માટે અહીં લખી મોકલો rbikehtahai@rbi.org.in
અધિકૃત વૉટ્સએપ નં. 99990 41935 / 99309 91935




જનહિતમાં જારીકર્તા
भारतीय रिज़र्व बैंक
RESERVE BANK OF INDIA
www.rbi.org.in




## સુવિચાર - સદ્‌વિચાર

દરેક વખતે દુશ્મન જ તમારું ખરાબ કરે
એવું ના હોય ક્યારેક તમારા નજીકના લોકો પણ
તમને હરાવવામાં મહત્વનો ભાગ ભજવે છે

## કવિતા-ભજન-પદ-ગરબા

### નિશદિન જો હરિ કા ગુન ગાય રે

નિશદિન જો હરિ કા ગુન ગાય રે,
બિગડી બાત વાકી સબ બન જાય રે.

લાખ કહૂં માનૈ નહિ એકહુ,
અબ કહો, કબ લગ હમ સમઝાય રે.

સોચ વિચાર કરો કુછ 'ચકરંગ',
આખિર બનત બનત બન જાય રે.

- ચકરંગ

## આજની જોક

કંડક્ટર : જેની પાસે છુટ્ટા ના હોય તે બસમાંથી નીચે ઉતરી જાય...
લાલીયાએ ૧૦૦ ની નોટ કાઢી ને કહ્યું ''આસ્ટોડીયાથી લાલદરવાજા''
કંડક્ટર (ગરમ થઈ ને) : ''૬ રૂા.ની ટિકિટ છે અને મારી પાસે ૯૪ રૂા.છુટા નથી.
લાલિયો : તો તું બસમાંથી નીચે ઉતર...

## કબીર વાણી

**કહે કબીર પુકારકે, એ લેવો વ્યવહાર;**
**રામ નામ જાને બિનાં, બુંડી મુવા સંસાર.**

**- અર્થાત-**

હું, કબીર, પોકાર કરી સર્વેને ચેતવું છું કે આ શિખ નિરંતર હૈડે સાચવી રાખજો કે, પરમેશ્વરનું નામ શું છે તે જે જાણે નહિં તે સંસારમાં ડુબીજ મરવાનો.

## આજનો દિન વિશેષ

### તારક નાથ દાસ

તારકનાથ દાસ (૧૫ જૂન ૧૮૮૪ - ૨૨ ડિસેમ્બર ૧૯૫૮) એક ભારતીય ક્રાંતિકારી અને આંતરરાષ્ટ્રીયવાદી વિદ્વાન હતા. તેઓ ઉત્તર અમેરિકાના પશ્ચિમ કિનારે એક અગ્રણી ઈમિગ્રન્ટ હતા અને ભારતીય સ્વતંત્રતા ચળવળની તરફેણમાં એશિયન ભારતીય ઈમિગ્રન્ટ્સને સંગઠિત કરતી વખતે ટોલ્સટોય સાથે તેમની યોજનાઓની ચર્ચા કરી હતી. તેઓ કોલંબિયા યુનિવર્સિટીમાં પોલિટિકલ સાયન્સના પ્રોફેસર અને અન્ય ઘણી યુનિવર્સિટીઓમાં વિઝિટિંગ ફેકલ્ટી હતા.

તારકનો જન્મ પશ્ચિમ બંગાળના ૨૪ પરગણા જિલ્લામાં કાંચરાપારા નજીક મજુપરામાં થયો હતો. નિમ્ન-મધ્યમ-વર્ગીય પરિવારમાંથી આવતા, તેમના પિતા કાલીમોહન કલકત્તામાં સેન્ટ્રલ ટેલિગ્રાફ ઓફિસમાં ક્લાર્ક હતા. પેન સાથેના આ તેજસ્વી વિદ્યાર્થીના સ્વભાવને જોતાં, તેના મુખ્ય શિક્ષકે તેને દેશભક્તિની થીમ પર નિબંધ સ્પર્ધામાં ભાગ લેવા માટે પ્રોત્સાહિત કર્યા. સોળ વર્ષના એક શાળાના છોકરા દ્વારા પેપરની ગુણવત્તાથી પ્રભાવિત થઈને, ન્યાયાધીશોમાંના એક, બેરિસ્ટર પી. મિત્તરે, અનુશીલન સમિતિના સ્થાપક, તેમના સહયોગી સતીશ ચંદ્ર બસુને છોકરાની ભરતી કરવા કહ્યું. ૧૯૦૧માં તેમની પ્રવેશ પરીક્ષામાં ખૂબ જ ઊંચા માર્ક્સ સાથે પાસ થવા પર, તારક કલકત્તા ગયા અને યુનિવર્સિટીના અભ્યાસ માટે જાણીતી જનરલ એસેમ્બલીની સંસ્થા (હવે સ્કોટિશ ચર્ચ કૉલેજ)માં પ્રવેશ મેળવ્યો. તેમની ગુપ્ત દેશભક્તિની પ્રવૃત્તિમાં, તેમને તેમની મોટી બહેન ગિરિજાનો સંપૂર્ણ સહયોગ મળ્યો.

બંગાળી ઉત્સાહને જગાડવા માટે, શિવાજી ઉપરાંત, મહાન બંગાળી હિંદુ નાયકોમાંના એક, રાજા સીતારામ રેની સિદ્ધિઓની યાદગીરીને તહેવાર તરીકે રજૂ કરવામાં આવી હતી. ૧૯૦૬ના શરૂઆતના મહિનાઓમાં, બાઘા જતીન અથવા જતીન્દ્રનાથ મુખર્જી જ્યારે બંગાળની પ્રાચીન રાજધાની જેસોરના મોહમ્મદપુર ખાતે સીતારામ ઉત્સવની અધ્યક્ષતા માટે આમંત્રિત થયા ત્યારે તારક સાથે હતા. આ પ્રસંગે, જતિનની આસપાસની બંધ બેઠક દરમિયાન, તારક ઉપરાંત શ્રીશચંદ્ર સેન, સત્યેન્દ્ર સેન અને અધરચંદ્ર લસ્કર હાજર હતાં ચારેય, એક પછી એક, ઉચ્ચ અભ્યાસ માટે વિદેશ જવાના હતા. ૧૯૫૨માં જ્યારે તારકે એક વાતચીત દરમિયાન તેની વાત કરી ત્યારે આ મીટિંગના ઉદ્દેશ્ય વિશે કંઈ જાણી શકાયું ન હતું. ચોક્કસ ઉચ્ચ શિક્ષણની સાથે, તેઓએ લશ્કરી તાલીમ અને વિસ્ફોટકોનું જ્ઞાન પ્રાપ્ત કરવાનું હતું. તેઓને ખાસ કરીને આઝાદી જીતવાના ભારતના નિર્ણયની તરફેણમાં મુક્ત પશ્ચિમી દેશોના લોકોમાં સહાનુભૂતિનું વાતાવરણ ઊભું કરવા વિનંતી કરવામાં આવી હતી. ૧૯૩૧ માં, ઈટાલીની મુલાકાત પછી, તેમણે લખ્યું ''ફાસીવાદ જવાબદારી સાથે સ્વતંત્રતા માટે વપરાય છે અને તે તમામ પ્રકારના લાયસન્સનો વિરોધ કરે છે. તે ફરજ અને શક્તિને અગ્રતા આપે છે, જેમ કે ભગવદ ગીતાના ઉપદેશોમાં જોવા મળે છે.''

## આધ્યાત્મ

આત્મ-નિયંત્રણ અને આધ્યાત્મિકતા એકબીજાના પૂરક છે. આત્મ-નિયંત્રણ (ઈન્દ્રિયો અને મનનું નિયંત્રણ) એ આધ્યાત્મિકતા (આત્માનું જ્ઞાન) પ્રાપ્ત કરવાનું પ્રથમ પગલું છે. આત્મ-નિયંત્રણ વિના, આંતરિક શાંતિ, ધ્યાન અને આત્મ-સાક્ષાત્કાર શક્ય નથી. આત્મ-નિયંત્રણ શું છે? આત્મ-નિયંત્રણ એટલે વ્યક્તિની ઉર્જાને વેડફતી અટકાવવી અને તેને યોગ્ય દિશા આપવી. ઈન્દ્રિય નિયંત્રણ, આંખો, કાન અને જીભ જેવી ઈન્દ્રિયોને નિયંત્રિત કરવી. મન નિયંત્રણ નકારાત્મક વિચારો અને બિનજરૂરી ચિંતાઓને રોકવી. વાણી નિયંત્રણ નરમ અને મધુર બોલવું, સત્યનો ઉપયોગ કરવો. આધ્યાત્મિક્તા શું છે? આધ્યાત્મિકતાનો શાબ્દિક અર્થ આત્મા તરફ થાય છે. તે ભૌતિક જગતથી દૂર અને વ્યક્તિની ચેતના, સત્ય અને પરમાત્મા સાથે જોડાતી યાત્રા છે. આત્મ-ચિંતન 'હું કોણ છું? જવાબ શોધો. ધ્યાન મનને શાંત કરવું અને તમારા આત્માની નજીક જવું. આત્મ-નિયંત્રણથી આધ્યાત્મિકતા તરફની યાત્રા સાધના નિયમિત ધ્યાન, પ્રાણાયામ અને પૂજા-પાઠ. સ્વાધ્યાય સારા પુસ્તકોનો અભ્યાસ કરવો (દા.ત., ગીતા, ઉપનિષદ). સેવા નિઃસ્વાર્થપણે બીજાઓને મદદ કરવી. જો તમે આત્મ-નિયંત્રણ અને આધ્યાત્મિકતાના માર્ગ પર આગળ વધવા માંગતા હો, તો તમે આર્ટ ઓફ લિવિંગ દ્વારા ધ્યાન અને આત્મ-નિયંત્રણ શિબિરો વિશે માહિતી મેળવી શકો છો. શું તમે તમારી આધ્યાત્મિક દિનચર્યા સુધારવા માંગો છો કે તમે કોઈ ચોક્કસ ધ્યાન પદ્ધતિ વિશે જાણવા માંગો છો?

### વર્લ્ડ બ્લડ ડોનર ડે નિમિત્તે

# શ્રી સમસ્ત ગૂજરાતી બ્રહ્મ સમાજ, વાપી દ્વારા રક્તદાન શિબિરનું સફળ આયોજન



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૪**

વર્લ્ડ બ્લડ ડોનર ડે નિમિત્તે શ્રી સમસ્ત ગુજરાતી બ્રહ્મ સમાજ, વાપી દ્વારા ઉપાસના સ્કૂલ, વાપી ખાતે રક્તદાન શિબિરનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં ૧૧૩ રક્તદાતાઓએ સ્વૈચ્છિક રક્તદાન કરીને માનવસેવા અને સામાજિક જવાબદારીનું ઉત્તમ ઉદાહરણ પૂરૂ પાડ્યું હતું.

કાર્યક્રમના શુભારંભે વલસાડ જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી યુવરાજસિંહ જાડેજા, જીઆઈડીસી પોલીસ સ્ટેશનના પી.આઈ. શ્રી એસ.પી.ગોહિલ, સમાજના ટ્રસ્ટીશ્રીઓ તથા સમાજના પ્રમુખ શ્રી હાર્દિક મહેતા દ્વારા દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

કાર્યક્રમમાં વલસાડ જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી યુવરાજસિંહ જાડેજા મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. તેમણે પોતાના સંબોધનમાં રક્તદાનના મહત્વ પર પ્રકાશ પાડતા જણાવ્યું હતું કે, રક્તદાન એ માનવતાની સર્વોત્તમ સેવા છે અને સમાજના વધુમાં વધુ લોકો આ અભિયાન સાથે જોડાય તે સમયની જરૂરિયાત છે. તેમણે સમાજ દ્વારા આયોજિત આ સેવાકીય કાર્યની પ્રશંસા કરી હતી. ઉપરાંત જીઆઈડીસી પોલીસ સ્ટેશનના પી.આઈ.શ્રી એસ.પી. ગોહિલ વિશેષ અતિથિ તરીકે હાજર રહ્યા હતા.

સમાજના પ્રમુખ શ્રી હાર્દિક મહેતાએ પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે, રક્તદાન એક મહાદાન છે અને દરેક વ્યક્તિએ રક્તદાન કરવું જોઈએ. તેમણે જણાવ્યું કે રક્તદાન એવી અનોખી પ્રક્રિયા છે જે માત્ર એક વ્યક્તિ દ્વારા બીજી વ્યક્તિને મદદરૂપ થવાથી જ શક્ય બને છે. એક રક્તદાતા દ્વારા આપવામાં આવેલ એક યુનિટ રક્ત ત્રણ અલગ અલગ દર્દીઓના જીવનમાં ઉપયોગી બની શકે છે અને ઘણી વખત તેવા લોકો માટે પણ કામ આવે છે જેમને આપણે વ્યક્તિગત રીતે ઓળખતા પણ નથી. આ જ કારણસર રક્તદાનને પૃથ્વી પરનું મહાદાન કહેવામાં આવે છે. તેમણે એસ.પી.શ્રી યુવરાજસિંહ જાડેજાની સેવાભાવના, સાદગી અને લોકહિતના કાર્યોની પણ પ્રશંસા કરી હતી.

આ રક્તદાન શિબિરનું આયોજન પુરીબેન પોપટભાઈ લાખા લાયન્સ બ્લડ બેન્કના સહયોગથી કરવામાં આવ્યું હતું. લાયન્સ બ્લડ બેન્ક તરફથી શ્રી કમલેશભાઈ પટેલ અને શ્રી કેતનભાઈ જોશી તથા ઉપાસના સ્કૂલના ટ્રસ્ટીશ્રીઓ અને તેમની ટીમે કાર્યક્રમને સફળ બનાવવા મહત્વપૂર્ણ સહયોગ આપ્યો હતો.

સમાજના ટ્રસ્ટીશ્રીઓ શ્રી અશોકભાઈ શુક્લ, શ્રી મહેશભાઈ પંડ્યા, શ્રી ચૈતન્યભાઈ ભટ્ટ, પૂર્વ પ્રમુખશ્રીઓ શ્રી અમિતભાઈ ભટ્ટ, શ્રી ચંદુભાઈ પંડ્યા, શ્રી પિયુષભાઈ જોશી, શ્રી પ્રકાશભાઈ જાની, સમાજના અગ્રણીશ્રીઓ શ્રી હરિશભાઈ રાવલ(રાવલ અર્થ મુવર્ષ), શ્રી રોહિતભાઈ સોમપુરા, શ્રી પારસભાઈ ત્રિવેદી તેમજ સમાજની વર્કિંગ કમિટીના સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

રક્તદાતાઓને પ્રોત્સાહિત કરવા માટે શ્રી નિમેશ સાવલા, શ્રી મુનાભાઈ શાહ, શ્રી નિરવ દેસાઈ, શ્રી મિતુલભાઈ ઠાકર અને શ્રી નરેશભાઈ બંથિયા દ્વારા ગિફ્ટ સ્પોન્સર કરવામાં આવી હતી. ઉપરાંત સમાજ તરફથી દરેક રક્તદાતાને એક બોટલ અને એક બાઉલ ભેટરૂપે આપવામાં આવ્યા હતા. શ્રી જિગ્નેશભાઈ ભટ્ટ દ્વારા ચા, કોફી અને નાસ્તાનું સ્પોન્સરશિપ આપવામાં આવ્યું હતું.

કાર્યક્રમનું સંચાલન શ્રી ભદ્રેશભાઈ પંડ્યાએ કર્યુ હતું.સમાજના પ્રમુખ શ્રી હાર્દિક મહેતાએ મહાનુભાવોનું સ્વાગત કર્યુ હતું તથા સમાજના મંત્રી શ્રી રજત રાવલે આભારવિધિ કરી હતી.

આ સમગ્ર પ્રોજેક્ટના કો-ઓર્ડિનેટર શ્રી પાર્થિવ મહેતા તથા પ્રોજેક્ટ ચેરમેન શ્રી જાગૃત જાની અને શ્રી શિવમ બધેકાના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

કાર્યક્રમના અંતે સમાજના મંત્રી શ્રી રજત રાવલે સમાજના તમામ ટ્રસ્ટીશ્રીઓ, પૂર્વ પ્રમુખશ્રીઓ, સમાજના અગ્રણીશ્રીઓ, કમિટી સભ્યો, સહયોગીઓ, દાતાશ્રીઓ તેમજ ઉપસ્થિત તમામ સમાજજનોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. કાર્યક્રમમાં મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી હેમાબેન વ્યાસ તથા તેમની ટીમ પણ વિશેષ ઉપસ્થિત રહી હતી અને કાર્યક્રમને સફળ બનાવવા નોંધપાત્ર સહયોગ આપ્યો હતો.

શ્રી સમસ્ત ગુજરાતી બ્રહ્મ સમાજ દ્વારા સમાજસેવાના વિવિધ કાર્યો સતત હાથ ધરવામાં આવે છે. આ રક્તદાન શિબિર દ્વારા ૧૧૩ યુનિટ રક્ત એકત્રિત કરીને અનેક જરૂરિયાતમંદ દર્દીઓના જીવનરક્ષણમાં મહત્વપૂર્ણ યોગદાન આપવામાં આવ્યું છે. કાર્યક્રમને સફળ બનાવવા સમાજના તમામ સભ્યો, સહયોગીઓ અને દાતાશ્રીઓએ ઉત્સાહપૂર્વક સહભાગિતા નોંધાવી હતી, જેના બદલ સમાજ દ્વારા સૌનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# દીવની સાત સ્કૂલોમાં પ્રવેશ ઉત્સવની ઉજવણી થઈ, નાના ભૂલકાંઓને ઉત્સાહભેર પ્રવેશ આપવામાં આવ્યો

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દીવ, તા.૧૪**

કેન્દ્રશાસિત પ્રદેશ દીવ જિલ્લાની સાત શાળાઓમાં પ્રવેશ ઉત્સવ ધામધૂમથી અને ઉત્સાહપૂર્વક ઉજવવામાં આવ્યો હતો. તા.૧૩-૦૬-૨૦૨૬ ને શનિવારના સવારે ૧૧ કલાકે GMS (GM) ઘોઘલા ખાતે દીવ કલેક્ટર રાહુલ દેવ બુરા, GMS (EM) ઘોઘલા એસપી રામકૃષ્ણ સરન, GMS દીવ પીએસઆઈ ભાવિની હળપતિ, GMS પટેલવાડી મામલતદાર, GMS સાઉદવાડી કોલેજના ગજવાની, GMS નાગવા સુપ્રીટેન્ડેન ડાયાભાઈ આહીર અને GMS નં-૧ વણાંકબારામાં ડેપ્યુટી કલેક્ટર શિવમ મિશ્રા, ઉપસ્થિત રહી અને નાના ભૂલકાઓને તિલક લગાડી, મોઢું મીઠુ કરાવી બાળકોને



ઉપસ્થિત મહેમાનોના હસ્તે કીટ તથા ફુડ કીટ વિતરણ કરવામાં આવ્યું હતું. આ ભવ્ય પ્રવેશ ઉત્સવમાં બાળકોએ પણ હર્ષ ઉલ્લાસ સાથે ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કાર્યક્રમ દરમિયાન શાળાના ટોપર વિદ્યાર્થીઓને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે અધ્યક્ષ સ્થાને ઉપસ્થિત ઓફિસરોએ વિદ્યાર્થીઓને પ્રાસંગિક પ્રવચન આપતા શાળા પ્રવેશ કરનાર બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા અને શુભેછાઓ પાઠવી હતી. કાર્યક્રમના અંતે વૃક્ષારોપણ કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો હતો. જેમાં ઉપસ્થિત તમામ મહેમાનોના હસ્તે વૃક્ષ રોપવામાં આવ્યા હતા. આ પ્રવેશ ઉત્સવ કાર્યક્રમમાં ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ, SMC ના ચેરમેન, સદસ્યો, પ્રિન્સિપાલ, શિક્ષકગણ, વાલીગણ વિદ્યાર્થીઓ તથા પ્રવેશ મેળવનાર નાના ભૂલકાઓ ઉપસ્થિત રહ્યા હતા.

**(પહેલાં પાનાનું ચાલુ)**

**દમણ અને દીવ જિલ્લામાં...**

દમણ જિ.પં.ના ઉપ પ્રમુખ શ્રીમતી રીનાબેન પટેલ, જિલ્લા પંચાયત સભ્ય હંસાબેન ધોડી, કચીગામના સરપંચ શ્રીમતી ફાલ્ગુનીબેન પટેલ અને દમણ-દીવના પૂર્વ સાંસદ શ્રી લાલુભાઈ પટેલ સહિત અનેક પ્રતિષ્ઠિત જનપ્રતિનિધિઓ અને વહીવટી અધિકારીઓ હાજર રહ્યા હતા.

આ પ્રસંગે, મુખ્ય અતિથિ શ્રી સંતોષ કુમાર મીણાએ તેમના પ્રેરણાદાયી સંબોધનમાં શિક્ષણ વિભાગની આ અનોખી પહેલની પ્રશંસા કરી હતી અને જણાવ્યું હતું કે, બાળકનું પહેલી વખત શાળાએ જવું એ સમગ્ર સમાજ માટે ઉજવણીનો દિવસ છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, શૈક્ષણિક સંસ્થાઓ ફક્ત ઔપચારિક શિક્ષણના કેન્દ્રો નથી, પરંતુ બાળકોના ચારિત્ર્ય નિર્માણ અને સર્વાંગી વ્યક્તિત્વ વિકાસ માટેનો મુખ્ય પાયો છે.

તેમણે સમાજ અને દેશની પ્રગતિ માટે બાળકોમાં 'વૈજ્ઞાનિક સ્વભાવ' વિકસાવવા પર ખાસ ભાર મૂક્યો હતો અને શિક્ષકો તથા માતા-પિતાને બાળપણથી જ બાળકોમાં શિસ્ત, પ્રામાણિકતા, સખત મહેનત, પરસ્પર સહયોગ અને નેતૃત્વ જેવા નૈતિક ગુણો કેળવવા હાકલ કરી હતી, કારણ કે સફળતાનો કોઈ શોર્ટકટ નથી અને સતત મહેનત એ પ્રગતિનો એકમાત્ર રસ્તો છે.

આ અવસરે કૃષિ સચિવ અને વિશેષ સચિવ (શિક્ષણ) ડૉ. વિવેક કુમારે સભાનું સ્વાગત કરતાં ગર્વ વ્યક્ત કર્યો હતો કે આ અનોખો મહોત્સવ છેલ્લા આઠ વર્ષથી પ્રશાસક શ્રી પ્રફુલભાઈ પટેલના નેતૃત્વમાં સતત યોજાઈ રહ્યો છે, જેના કારણે પ્રદેશને આરોગ્ય અને શિક્ષણ ક્ષેત્રે દેશભરમાં એક નવી ઓળખ મળી છે.

એક ઐતિહાસિક અને ગર્વનીય સિદ્ધિ શેર કરતાં તેમણે જણાવ્યું હતું કે, થોડા સમય પહેલા સુધી, આપણાં પ્રદેશની ગણતરી દેશના ૭૫૦ જિલ્લાઓમાં શિક્ષણ સ્તરની દ્રષ્ટિએ સૌથી નીચેના ૧૦ જિલ્લાઓ (ઓછું પ્રદર્શન કરતા જિલ્લાઓ)માં થતી હતી, પરંતુ આપણા શિક્ષકોની અપાર અને સતત મહેનતને કારણે, આજે રાષ્ટ્રીય સિદ્ધિ સર્વે (એન.એ.એસ.)૨૦૨૪ના પરિણામોમાં આપણા પ્રદેશનો દેશના ટોચના ૫ જિલ્લાઓમાં સમાવેશ થયો છે. મજબૂત માળખાગત સુવિધાઓનો ઉલ્લેખ કરતાં તેમણે જણાવ્યું હતું કે, આજે આ પ્રદેશમાં ૩ થી ૧૨ સુધીના દરેક વર્ગમાં ડિજિટલ બોર્ડ લગાવવામાં આવ્યા છે, જે નવી પેઢીને ૨૧મી સદીના આધુનિક સાધનો સાથે જોડીને શિક્ષણને સુલભ અને અસરકારક બનાવે છે. 'જ્ઞાન માટે પ્રવેશ અને સેવા માટે પ્રસ્થાન'ની સમૃદ્ધ ભારતીય સંસ્કૃતિનો ઉલ્લેખ કરતા તેમણે બાળકોમાં રાષ્ટ્રવાદની ભાવનાને મજબૂત કરવા પર ભાર મૂક્યો હતો અને તેમને પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના પગલે ચાલવા અને વૈદિક મોરચે દેશને ગૌરવ અપાવવા માટે પ્રેરણા આપી હતી. આ વિશાળ અભિયાન હેઠળ, કેન્દ્રશાસિત પ્રદેશના તમામ આઈ.એ.એસ., આઈ.પી.એસ.,દાનક્સિ અને અન્ય વરિષ્ઠ અધિકારીઓએ દમણ અને દીવ જિલ્લાઓની વિવિધ પ્રાથમિક અને ઉચ્ચ પ્રાથમિક શાળાઓની મુલાકાત લીધી હતી અને બાલ વાટિકા અને ધોરણ-૧ના કુલ ૨૯૦૯ બાળકોને શાળાઓમાં પ્રવેશ અપાવ્યો હતો. આ પ્રસંગે, દરેક નવા વિદ્યાર્થીને 'શિક્ષણ કીટ'નું વિતરણ કરવામાં આવ્યું હતું, જેમાં મફત પાઠ્યપુસ્તકો, નોટબુક, સ્કૂલ બેગ અને ગણવેશનો સમાવેશ થાય છે. વધુમાં, ૨૦૨૫-૨૬ શૈક્ષણિક વર્ષમાં ધોરણ ૮, ૧૦ અને ૧૨માં ઉત્કૃષ્ટ દેખાવ કરનારા હોશિયાર વિદ્યાર્થીઓને પુરસ્કારોથી સન્માનિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમના અંતે, તમામ શાળાઓમાં વિવિધ દાતાઓ દ્વારા બાળકોને 'તિથિ ભોજન' આપવામાં આવ્યું હતું અને પર્યાવરણ સંરક્ષણનો સંદેશ આપતા શાળાના પરિસરમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું, જેમાં, ગૌતમ બુદ્ધ ઉચ્ચ પ્રાથમિક શાળા, કચીગામમાં, જિલ્લા પંચાયત સભ્ય શ્રીમતી હંસાબેન ધોડી, સરપંચ શ્રીમતી ફાલ્ગુનીબેન પટેલ અને પૂર્વ સાંસદ શ્રી લાલુભાઈ પટેલે બાળકોને 'તિથિ ભોજન' આપ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે કેન્દ્રશાસિત પ્રદેશનો શિક્ષણ વિભાગ ૪ થી ૧૪ વર્ષની વયના દરેક બાળકને પ્રાથમિક શિક્ષણના મુખ્ય પ્રવાહમાં સમાવિષ્ટ કરવા અને ડ્રોપઆઉટ અટકાવવા માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે. પ્રશાસકથી પ્રેરિત થઈને, શિક્ષણ વિભાગે છેલ્લા કેટલાક વર્ષોમાં ઘણા આધુનિક અને ક્રાંતિકારી કાર્યક્રમો શરૂ કર્યા છે, જેમાં શાળા પ્રવેશ મહોત્સવ, સ્માર્ટ વર્ગખંડો, અટલ ટિંકરિંગ લેબ્સ, નિપુણ ભારત અને 'રમતા રમતા શીખો' વગેરેનો સમાવેશ થાય છે. સરકારી શાળાઓમાં સ્માર્ટ વર્ગો અને આધુનિક ટેકનોલોજી દ્વારા આપવામાં આવતા ગુણવત્તાયુક્ત શિક્ષણને કારણે, સરકારી શાળાઓ પ્રત્યે સામાન્ય લોકોનું આકર્ષણ ઝડપથી વધ્યું છે, જેના સકારાત્મક પરિણામ સ્વરૂપે શાળાઓમાં બાળકોની નોંધણીમાં મોટો વધારો થયો છે અને ડ્રોપઆઉટ રેશિયોમાં ઐતિહાસિક ઘટાડો થયો છે.

**(પહેલાં પાનાનું ચાલુ)**

**દાનહ જિલ્લામાં શાળા...**

વર્ષ ૨૦૧૭માં પ્રશાસક શ્રી પ્રફુલભાઈ પટેલ દ્વારા પ્રથમ વખત શરૂ કરાયેલી આ નવીન પરંપરા હવે શિક્ષણ જાગૃતિ માટે એક જન આંદોલન બની ગઈ છે. આ વર્ષે, દાદરા નગર હવેલી જિલ્લામાં યોજાયેલા પ્રવેશોત્સવ દ્વારા ૬,૧૫૯ બાળકોને પૂર્વપ્રાથમિક વર્ગોમાં અને ૩,૬૫૧ બાળકોને ધોરણ-૧માં ઔપચારિક રીતે પ્રવેશ આપવામાં આવી રહ્યો છે. આ ઉત્સવ કેન્દ્રશાસિત પ્રદેશની ૨૯૪ સરકારી શાળાઓમાં ખૂબ જ ઉત્સાહથી ઉજવવામાં આવી રહ્યો છે, જ્યાં કુલ ૭,૯૫૭ પૂર્વપ્રાથમિક અને ૫,૩૫૯ પ્રથમ ધોરણના વિદ્યાર્થીઓ તેમની શૈક્ષણિક યાત્રા શરૂ કરશે.

નવા પ્રવેશ પામેલા વિદ્યાર્થીઓનું આંબોલીના શાળા પરિસરમાં પરંપરાગત તિલક, ફૂલોની વર્ષા અને ઢોલના તાલ સાથે ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. શાળા પરિવારે બાળકોને પ્રેમથી આવકાર્યા હતા અને તેમને શિક્ષણના નવા જીવનની શુભેચ્છા પાઠવી હતી.

આ પ્રસંગે, કેન્દ્રશાસિત પ્રદેશ વહીવટીતંત્ર દ્વારા પૂરી પાડવામાં આવતી શૈક્ષણિક સહાયના ભાગ રૂપે વિદ્યાર્થીઓને મફત પાઠ્યપુસ્તકો, નોટબુક, ગણવેશ, સ્કૂલ બેગ, પગરખાં, મોજાં અને અન્ય શૈક્ષણિક સામગ્રીનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ વર્ષે, વહીવટીતંત્ર લગભગ ₹૧૨.૫ કરોડના ખર્ચે તમામ વિદ્યાર્થીઓને શૈક્ષણિક કીટ પણ પ્રદાન કરશે.

કાર્યક્રમને સંબોધતા, અતિથિશ્રીઓએ વાલીઓને નિયમિત હાજરી સુનિશ્ચિત કરવા, બાળકોને ઘરે અભ્યાસ કરવા માટે પ્રોત્સાહિત કરવા અને દરરોજ તેમની સાથે થોડો સમય વિતાવવા વિનંતી કરી. વિદ્યાર્થીઓમાં વાંચન સંસ્કૃતિને પ્રોત્સાહન આપવા માટે શાળા પુસ્તકાલયો અને વાંચન ખૂણાઓનો મહત્તમ ઉપયોગ કરવા પર પણ ભાર મૂકવામાં આવ્યો.

ઉપસ્થિત મહાનુભાવોએ કેન્દ્રશાસિત પ્રદેશમાં શિક્ષણ ક્ષેત્રે થયેલા નોંધપાત્ર વિકાસ પર પ્રકાશ પાડતા જણાવ્યું હતું કે પ્રદેશે આધુનિક શાળા ઈમારતો, સ્માર્ટ વર્ગખંડો, પુસ્તકાલયો, છાત્રાલયો, શિક્ષણ કેન્દ્રો અને ગુણવત્તાયુક્ત મધ્યાહન ભોજન સહિત અસંખ્ય સુવિધાઓ પૂરી પાડી છે. હાલમાં, ધોરણ ૩ થી ૧૨ સુધીની તમામ સરકારી શાળાઓમાં આશરે ૧,૮૦૦ સ્માર્ટ વર્ગખંડો કાર્યરત છે, જે વિદ્યાર્થીઓને આધુનિક, ટેકનોલોજી આધારિત શિક્ષણ પૂરું પાડે છે.

શિક્ષણની ગુણવત્તામાં સતત સુધારાના પરિણામે, કેન્દ્રશાસિત પ્રદેશ રાષ્ટ્રીય સિદ્ધિ સર્વે (એન.એ.એસ.) ૨૦૨૪માં દેશભરમાં પાંચમા ક્રમે રહ્યો. ગુજરાત અને મહારાષ્ટ્ર બોર્ડ હેઠળની સરકારી શાળાઓએ પણ ૨૦૨૬ની બોર્ડ પરીક્ષાઓમાં ઉત્તમ પરિણામો પ્રાપ્ત કર્યા, જેનાથી પ્રદેશનું ગૌરવ વધ્યું.

કેન્દ્રશાસિત પ્રદેશે ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે પણ નોંધપાત્ર પ્રગતિ કરી છે. આજે, વિદ્યાર્થીઓ પ્રદેશમાં જ એન્જિનિયરિંગ, મેડિકલ, નર્સિંગ, કાયદો, ફેશન ડિઝાઈનિંગ અને અન્ય વ્યાવસાયિક અભ્યાસક્રમો મેળવી શકે છે. સરસ્વતી વિદ્યા યોજના હેઠળ મહિલા વિદ્યાર્થીઓને, ખાસ કરીને ઉચ્ચ શિક્ષણ માટે, શિષ્યવૃત્તિ અને નાણાકીય સહાય પૂરી પાડવામાં આવે છે.

કાર્યક્રમના અંતે, વિદ્યાર્થીઓ અને વાલીઓ માટે એક ભોજન સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. શિક્ષણ વિભાગના વરિષ્ઠ અધિકારીઓએ શાળાના શિક્ષકો અને આચાર્યો સાથે શૈક્ષણિક ગુણવત્તા, નવીનતા અને ભવિષ્યના શૈક્ષણિક લક્ષ્યો પર વિગતવાર ચર્ચા કરી હતી.

શાળા પ્રવેશોત્સવ ૨૦૨૬-૨૭નો આ કાર્યક્રમ શિક્ષણ પ્રત્યે સમાજની વધતી જાગૃતિ, વહીવટીતંત્રની પ્રતિબદ્ધતા અને દરેક બાળકને ગુણવત્તાયુક્ત શિક્ષણ આપવાના સંકલ્પનું જીવંત ઉદાહરણ બનીને ઉભરી આવ્યો.

# કેન્દ્ર સરકારના સફળ ૧૨ વર્ષ પૂર્ણ થતા નાણાં મંત્રી કનુભાઈ દેસાઈના અધ્યક્ષ સ્થાને ''મીડિયા સંવાદ'' કાર્યક્રમ યોજાયો

**વલસાડ જિલ્લાના પ્રભારી મંત્રી નરેશભાઈ પટેલ, સાંસદ ધવલભાઈ પટેલ, જિલ્લા પ્રમુખ હેમંતભાઈ કંસારા રહ્યા ઉપસ્થિત**



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૪**

દેશના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીજીના નેતૃત્વ હેઠળ કાર્યરત કેન્દ્ર સરકારના સેવા, સુશાસન અને ગરીબ કલ્યાણના ૧૨ વર્ષ સફળતાપૂર્વક પૂર્ણ થયા છે, વિશ્વાસ, વિકાસ અને જનસેવાને વરેલી સરકારના આ સીમાચિહ્નને જન-જન સુધી પહોંચાડવા માટે ગુજરાત પ્રદેશ ભાજપ પ્રમુખ જગદીશભાઈ વિશ્વકર્મા, સંગઠન મહામંત્રી રત્નાકરજી તથા પ્રદેશ મહામંત્રી અને દક્ષિણ ઝોનના પ્રભારી પ્રશાંતભાઈ કોરાટના માર્ગદર્શન હેઠળ આગામી કાર્યક્રમો ઘડાયા છે. જે અંતર્ગત તારીખ ૫ જૂન ''વિશ્વ પર્યાવરણ દિવસ''થી તારીખ ૨૧ જૂન ''વિશ્વ યોગ દિવસ'' સુધી વિવિધ સેવાકીય આયોજનો કરવામાં આવ્યા છે.આ ઉપલક્ષ્યમાં આજરોજ વાપી વી.આઈ.એ. કોન્ફરન્સ હોલ ખાતે એક ભવ્ય ''મીડિયા સંવાદ'' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું

આ મીડિયા સંવાદ કાર્યક્રમ ગુજરાત સરકારના નાણાં મંત્રી કનુભાઈ દેસાઈના અધ્યક્ષ સ્થાને તથા આદિજાતિ વિકાસ વિભાગના કેબિનેટ મંત્રી અને જિલ્લાના પ્રભારી મંત્રી નરેશભાઈ પટેલ, લોકસભાના દંડક અને વલસાડ-ડાંગના સાંસદ ધવલભાઈ પટેલ, વલસાડ જિલ્લા ભાજપ પ્રમુખ હેમંતભાઈ કંસારા, પ્રદેશ ઉપાધ્યક્ષ અને ધરમપુરના ધારાસભ્ય અરવિંદભાઈ પટેલ, પ્રદેશ મંત્રી સોનલબેન સોલંકી (જૈન), વલસાડ જિલ્લાના પ્રભારી વિનયભાઈ પ્રદેશ એસટી મોરચાના મહામંત્રી મહેન્દ્રભાઈ ચૌધરી, જિલ્લા પંચાયત પ્રમુખ હેતલબેન પટેલ તથા કપરાડાના ધારાસભ્ય જીતુભાઈ ચૌધરીની વિશેષ ઉપસ્થિતિમાં યોજાયો હતો.

કાર્યક્રમની શરૂઆતમાં વલસાડ જિલ્લા ભાજપ પ્રમુખ હેમંતભાઈ કંસારાએ ઉપસ્થિત મીડિયા મિત્રોનું સ્વાગત કર્યું હતું અને ૫ જૂનથી ૨૧ જૂન સુધી જિલ્લાભરમાં યોજાનારા વિવિધ જનજાગૃતિ અને સેવાકીય કાર્યક્રમોની વિગતવાર રૂપરેખા પ્રસ્તુત કરી હતી.

મીડિયા સમાજ કાર્યક્રમમાં વલસાડ જિલ્લા ભારતીય જનતા પાર્ટીના મહામંત્રીઓ કમલેશભાઈ પટેલ, નિખિલભાઈ ચોકસી, વાપી મહાનગરપાલિકા સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન સતિષભાઈ પટેલ વલસાડ જિલ્લા ભાજપ મીડિયા ઈન્ચાર્જ દિવ્યેશ પાંડે ઉપસ્થિત રહ્યા હતા.

## વડાપ્રધાનના નેતૃત્વમાં દેશનું જીડીપી ગ્રોથ ઝડપથી વધ્યું: નાણા મંત્રી કનુભાઈ દેસાઈ

મીડિયા સાથે સંવાદ સાધતા નાણાં મંત્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીજીના નેતૃત્વમાં કેન્દ્ર સરકાર દ્વારા અનેકવિધ જનકલ્યાણકારી અને લોકઉપયોગી વિકાસકાર્યો હાથ ધરવામાં આવ્યા છે. વડાપ્રધાન દ્વારા લાગુ કરાયેલા ''વન નેશન, વન ટેક્સ'' (GST) ના ઐતિહાસિક નિર્ણયને કારણે દેશનો આર્થિક વિકાસ અને જીડીપી ગ્રોથ ખૂબ જ ઝડપથી આગળ વધ્યો છે. મંત્રીએ વધુમાં ઉમેર્યું કે, વૈશ્વિક સ્તરે યુદ્ધની ગંભીર પરિસ્થિતિઓ હોવા છતાં, કેન્દ્ર સરકારની કુશળ નીતિઓને કારણે દેશમાં પેટ્રોલ, ડીઝલ અને ગેસનો જથ્થો લોકોને પૂરતી માત્રામાં મળી રહ્યો છે, જ્યારે વિશ્વના અન્ય દેશોમાં નાગરિકો ભારે હાલાકી ભોગવી રહ્યા છે. વડાપ્રધાને વૈશ્વિક ફલક પર ભારત દેશને એક નવું સન્માન અને અભૂતપૂર્વ ખ્યાતિ અપાવી છે.

## છેવાડાના માનવી અને આદિજાતિ સમાજ સુધી યોજનાઓના લાભો પહોંચ્યાઃ પ્રભારી મંત્રી નરેશભાઈ પટેલ

આદિજાતિ વિભાગના કેબિનેટ મંત્રી અને વલસાડ જિલ્લાના પ્રભારી મંત્રી નરેશભાઈ પટેલે સંબોધન કરતા જણાવ્યું હતું કે, વડાપ્રધાનના નેતૃત્વમાં સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓના લાભો દેશના છેવાડાના માનવી સુધી પહોંચાડવામાં આવ્યા છે. કોરોના જેવી વૈશ્વિક મહામારીના કપરા સમયમાં પણ દેશના ગરીબ પરિવારોને મફત અનાજ પહોંચાડીને સરકારે સંવેદનશીલતાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડ્યું છે, જે અત્યંત સરાહનીય છે. સરકારે નાના અને મધ્યમ વર્ગના વેપારીઓ, ઉદ્યોગકારો સહિત વિશેષ કરીને આદિજાતિ વિસ્તારના લોકોના ઉત્થાન માટે અનેક પ્રગતિશીલ યોજનાઓ અમલમાં મૂકીને તેઓને આત્મનિર્ભર બનાવ્યા છે.

## આયુષ્માન કાર્ડ ગંભીર બીમારીઓમાં નાગરિકો માટે આશીર્વાદ સમાનઃ સાંસદ ધવલભાઈ પટેલ

લોકસભાના દંડક અને સાંસદ ધવલભાઈ પટેલે મીડિયા સમક્ષ વિગતો આપતા જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકારની ''આયુષ્માન ભારત યોજના'' ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારોના આરોગ્ય માટે વરદાન સાબિત થઈ રહી છે. ગંભીર બીમારીના સમયે દર્દીને આર્થિક કટોકટીમાંથી ઉગારવા ગુજરાત સરકાર દ્વારા આ સહાયમાં વધારાના રૂ.૫ લાખ ઉમેરીને કુલ રૂ.૧૦ લાખ સુધીની માતબર રકમની મફત સારવાર સુનિશ્ચિત કરવામાં આવી છે, જે પરિવારો માટે આશીર્વાદ સમાન છે. આ સાથે જ તેમણે દેશની આંતરિક સુરક્ષા અંગે વાત કરતા જણાવ્યું કે, સરકારની મક્કમ નીતિઓના કારણે દેશમાંથી નક્સલવાદને જડમૂળથી ખતમ કરવામાં સફળતા મળી છે. તેમણે કેન્દ્ર સરકારની અન્ય વિવિધ લોકાભિમુખ યોજનાઓની પણ વિગતવાર માહિતી પૂરી પાડી હતી.

ભ્રષ્ટાચારની ગરમીમાં પીગળ્યો નેશનલ હાઈવે ૪૮

# વાપીના બલીઠા હાઈવે પર ડામરના ''પહાડો'' અને ખાડાઓનું સામ્રાજ્ય, તંત્ર ક્યારે જાગશે?



**- સંજય તાડા દ્વારા**
**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૪**

ઉનાળાની ગરમી તો આકરા મિજાજ બતાવી જ રહી છે, પરંતુ વાપીમાં નેશનલ હાઈવે ૪૮ પર ભ્રષ્ટાચારની ગરમી એટલી વધી ગઈ છે કે કરોડોના ખર્ચે બનેલો રોડ પીગળવા લાગ્યો છે. વાપીના બલીઠા સ્થિત બ્રહ્મદેવ બાપાના મંદિરથી લઈ મામલતદાર ઓફિસ સુધીના માત્ર એક કિલોમીટરના અંતરમાં હલકી ગુણવત્તાના ડામરના કારણે વાહનચાલકોના જીવ તાળવે ચોંટ્યા છે. હાઈવે પર ડામર પીગળીને એવા મોટા ઢગલા (ટેકરા) બની ગયા છે કે જાણે હાઈવે પર જ સ્પીડ બ્રેકરના પહાડો ખડકાયા હોય!

જ્યાં મામલતદાર કચેરી, હોસ્પિટલ અને અન્ય મહત્વની સરકારી ઓફિસો આવેલી છે. રોજ હજારો નાગરિકો, દર્દીઓ અને એમ્બ્યુલન્સ અહીંથી પસાર થાય છે. પરંતુ અતિ બિસ્માર રોડ અને અચાનક આવી જતા ડામરના ઢગલાઓને કારણે ટૂ-વ્હીલર ચાલકો સ્લિપ થઈને રોડ પર પટકાઈ રહ્યા છે. અકસ્માતોની વણઝાર છતાં તંત્ર મૌન સેવીને બેઠું છે.

સ્થાનિક જાગૃત નાગરિકોના જણાવ્યા મુજબ, પ્રી-મોન્સૂન કામગીરીના નામે અહીં સદંતર લોલમલોલ ચલાવવામાં આવ્યું છે. રોડ બનાવવામાં વપરાયેલું મટીરિયલ એટલું હલકી કક્ષાનું છે કે પહેલો વરસાદ પડે તે પહેલા જ રોડના ધજાગરા ઉડી ગયા છે. કાગળ પર મજબૂત દેખાતો ''વિકાસ'' હાઈવે પર પીગળીને ટ્રાફિક જામનું મુખ્ય કારણ બન્યો છે. કોન્ટ્રાક્ટરનો આ ખુલ્લેઆમ ભ્રષ્ટાચાર સામાન્ય જનતાની આંખે વળગે છે, પણ હાઈવે ઓથોરિટીના અધિકારીઓને કેમ દેખાતો નથી? તે એક મોટો સવાલ છે.

આ ગંભીર સમસ્યા અંગે જાગૃત નાગરિકો દ્વારા નેશનલ હાઈવે ઓથોરિટી (NHAI) ને લેખિત અને મૌખિક રજૂઆતો કરવામાં આવી છે, પરંતુ કુંભકર્ણની નિદ્રામાં પોઢેલું તંત્ર જાગવાનું નામ નથી લેતું. કદાચ હાઈવે ઓથોરિટી કોઈ મોટી જાનહાની કે ગંભીર અકસ્માતની રાહ જોઈને બેઠી છે!

જો ચોમાસું બેસતા પહેલા આ ૧ કિલોમીટરના મોતના આ ખાડા સમાન રોડનું યોગ્ય રિપેરીંગ કરવામાં નહીં આવે, તો વરસાદમાં સ્થિતિ વધુ બદતર બનશે અને કાદવ-ખાડાના કારણે અનેક લોકોએ પોતાના જીવ ગુમાવવાનો વારો આવી શકે છે. જનતા હવે સવાલ પૂછી રહી છે કે, ડિજિટલ ઈન્ડિયાના આ હાઈવે પર જનતાના ટેક્સના પૈસા રોડ પર પીગળવા માટે જ વપરાય છે? ઉચ્ચ કક્ષાએથી આ ભ્રષ્ટાચારી કોન્ટ્રાક્ટર સામે કડક પગલાં લેવાય અને તાકીદે રોડ સમો કરાય તેવી લોકમાંગ ઉઠી છે.

# ધરમપુર વિલ્સન હિલ ખાતે નાણાં મંત્રી કનુભાઈ દેસાઈ અને આદિજાતિ વિકાસ વિકાસ મંત્રી નરેશભાઈ પટેલના હસ્તે વૃક્ષારોપણ કરાયું

**વરસાદી પાણીનો તળાવમાં સંગ્રહ થાય તે માટે પણ મંત્રીઓએ તાલુકા વિકાસ અધિકારીને સૂચન કર્યું**





**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૧૪**

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના સશક્ત નેતૃત્વ હેઠળ સેવા, સુશાસન અને જનકલ્યાણને સમર્પિત સફળ ૧૨ વર્ષ પૂર્ણ થવાના ગૌરવપૂર્ણ અવસરે પ્રગતિપથ યાત્રા અંતર્ગત રાજ્યના નાણાં, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ મંત્રી કનુભાઈ દેસાઈ અને આદિજાતિ વિકાસ, ખાદી, કુટિર અને ગ્રામોદ્યોગ તેમજ વલસાડ જિલ્લા પ્રભારી મંત્રી નરેશભાઈ પટેલના હસ્તે વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકામાં આવેલા વિખ્યાત પર્યટન સ્થળ વિલ્સન હિલ ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો.

આ મુલાકાત વેળા મંત્રી કનુભાઈ અને નરેશભાઈએ વિલ્સન હિલ પર પર્યટકો માટેની સુવિધા અને વધુ વિકાસ અર્થે પ્રાંત અધિકારી આર. સી.પટેલને જરૂરી દિશાનિર્દેશ આપ્યા હતા. આ સિવાય ચોમાસા દરમિયાન વરસાદી પાણીનો તળાવમાં સંગ્રહ થાય તે માટે પણ મંત્રીઓએ તાલુકા વિકાસ અધિકારીને સૂચન કર્યું હતું. વિલ્સન હિલની મુલાકાત સમયે ધરમપુરના ધારાસભ્ય અરવિંદભાઈ પટેલે નજીકમાં આવેલા શંકર ધોધ ખાતે ''એક પેડ માં કે નામ'' સંકુલ બનાવ્યું હોવાની માહિતી મંત્રીને આપી હતી. આ સિવાય પ્રગતિપથ યાત્રા દરમિયાન સરકારની વિવિધ યોજનાના લાભાર્થીઓને વિલ્સન હિલ ખાતે સહાય પણ ચુકવવામાં આવી હોવાનું જણાવ્યું હતું.

આ મુલાકાત પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ હેતલબેન પટેલ, ધરમપુર તાલુકા પંચાયતના પ્રમુખ શકુંતલાબેન ચૌધરી, પંગારબારી ગામના સરપંચ સરસ્વતીબેન અને અધિકારી-પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

જન શિક્ષણ સંસ્થાન અને જનજાતિ કૌશલ્ય કેન્દ્રના સંયુક્ત ઉપક્રમે

# દમણ ખાતે કૌશલ્ય દીક્ષાંત સમારોહમાં પ્રશિક્ષિત મહિલાઓને પ્રમાણપત્ર એનાયત કરાયા




**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૪**

જન શિક્ષણ સંસ્થાન અને જનજાતિ કૌશલ્ય કેન્દ્રના સંયુક્ત ઉપક્રમે સંસ્થાના નિયામક ભરતકુમાર ગુંજલ અને કાર્યક્રમ અધિકારી સુજાતા લોંઢેના માર્ગદર્શન હેઠળ તારીખ ૦૮ જૂન ૨૦૨૬ના રોજ દમણ ખાતે કૌશલ્ય દીક્ષાંત સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. સમારોહમાં વિવિધ વ્યવસાયિક અભ્યાસક્રમોમાં સફળતાપૂર્વક પ્રશિક્ષણ પૂર્ણ કરનાર મહિલાઓને મુખ્ય અતિથિ સરપંચ ઉર્વશી પટેલ, વિશિષ્ટ અતિથિ નાઈટિંગેલ ફાઉન્ડેશન દમણના અધ્યક્ષા પ્રતિભાતાઈ એમ. સ્માર્ટ તથા ગવર્નમેન્ટ પોલિટેકનિક કોલેજના આચાર્ય બાલા ગણેશનના વરદ હસ્તે કૌશલ્ય પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોએ સર્વ પ્રશિક્ષણાર્થીઓને હાર્દિક અભિનંદન પાઠવતાં તેમના ઉજ્જવળ ભવિષ્ય અને આર્થિક સ્વાવલંબન માટે શુભકામનાઓ પાઠવી હતી. મુખ્ય અતિથિ ઉર્વશી પટેલે જણાવ્યું કે, કૌશલ્ય વિકાસ જ મહિલા સશક્તિકરણની વાસ્તવિક ચાવી છે. પ્રતિભાતાઈ એમ. સ્માર્ટે પ્રશિક્ષિત મહિલાઓને પ્રાપ્ત કરેલ કૌશલ્યને સ્વરોજગારમાં પરિવર્તિત કરી આત્મનિર્ભર બનવાનુ આહ્વાન કર્યું હતું. આચાર્ય બાલા ગણેશને તકનીકી દક્ષતાના મહત્વ પર ભાર મૂક્યો હતો.

જન શિક્ષણ સંસ્થાન અને જનજાતિ કૌશલ્ય કેન્દ્રનો આ સંયુક્ત પ્રયાસ ગ્રામીણ અને આદિજાતિ મહિલાઓને મુખ્ય પ્રવાહ સાથે જોડીને 'સ્કિલ ઈન્ડિયા' અને 'આત્મનિર્ભર ભારત'ના સંકલ્પને સાકાર કરવાની દિશામાં મહત્વપૂર્ણ પગલું છે. 'જ્યાં નારી શિક્ષિત, ત્યાં રાષ્ટ્ર વિકસિત'ની ભાવનાને ચરિતાર્થ કરતો આ સમારોહ આદિજાતિ વિસ્તારની મહિલાઓ માટે પ્રગતિના નવા દ્વાર ખોલનારો સાબિત થયો હતો.

# શ્રદ્ધા સબૂરી ગ્રુપ દ્વારા ચીખલીના ઘેજ ગામની તમામ પ્રાથમિક શાળાઓમાં નોટબુક વિતરણ કરાયું



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**ચીખલી,(વંકાલ), તા.૧૪**

ચીખલી તાલુકાના ઘેજ ગામે શ્રદ્ધા સબૂરી ગ્રૂપ દ્વારા ગામની નવ જેટલી તમામ પ્રાથમિક શાળાઓમાં નોટબુકનું વિતરણ કરવામાં આવ્યું હતું. સાથે સાથે જરૂરિયાતમંદ પરિવારોને અનાજની કીટ પણ આપવામાં આવી હતી.

ચીખલી તાલુકાના ઘેજ ગામના શ્રદ્ધા સબૂરી ગ્રૂપ દ્વારા ગામના ૪૫-જેટલા જરૂરિયાતમંદ પરિવારોને છેલ્લા છ વર્ષથી બે મહિનાના અંતરે તબક્કા મુજબ અનાજની કીટ ઉપરાંત દિવાળી સમયે મીઠાઈ, ફરસાણ, દીવડા સહિતની ચીજવસ્તુઓ આપવામાં આવી રહી છે અને પાંચ વર્ષથી ગામની તમામ નવ જેટલી પ્રાથમિક શાળાઓમાં નોટબુકનું પણ વિતરણ કરવામાં આવી રહ્યું છે.

શ્રદ્ધા સબૂરી ગ્રૂપ દ્વારા આજે ઘેજ ગામની દુકાન ફળિયા, ભરડા નિશાળ ફળીયા, મુખ્ય પ્રાથમિક શાળા, પહાડ ફળિયા, ખુશાલ ફળિયા, ઝાડી ફળિયા, નાના ડુંભરીયા, બીડ ફળિયા, પહાડ ફળિયા સહિતની તમામ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને દાતાઓના સહયોગથી તાલુકા પંચાયતના પૂર્વ કારોબારી અધ્યક્ષ શ્રી ધર્મેશભાઈ ઉપરાંત શ્રી રાજુભાઈ એલઆઈસી, શ્રીમતી મયુરીબેન પૂર્વ સરપંચ શ્રી વિનોદભાઈ, પૂર્વ ડેપ્યુટી સરપંચ શ્રી કમલેશભાઈ, શ્રી હરીશભાઈ વાંઝરી ફળિયા સહિતનાની ઉપસ્થિતમાં ૮૦૦ જેટલી નોટબુકોનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સાથે ૨૪ જેટલા પરિવારોને અનાજની કીટ પણ આપવામાં આવી હતી. તમામ શાળાના આચાર્યો, શિક્ષકો દ્વારા પણ શ્રદ્ધા સબૂરી ગ્રૂપ પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી હતી.

કપરાડા ધારાસભ્ય જીતુભાઈ ચૌધરી સહિત મહાનુભાવો સ્વચ્છતા અભિયાનમાં જોડાયા

# વલસાડ જિલ્લાના તમામ તાલુકાઓમાં હાટ બજારો અને ધાર્મિક સ્થળોની સાફસફાઈ કરવામાં આવી





**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૧૪**

૧૨ વર્ષ વિશ્વાસના, વિકાસના, જન કલ્યાણના અંતર્ગત સમગ્ર રાજ્ય સહિત વલસાડ જિલ્લામાં પણ ''સ્વચ્છતા સપ્તાહ અભિયાન'' ચાલી રહ્યું છે.

જે પૈકી વલસાડ જિલ્લાના વિવિધ ગામોમાં વ્યાપક સ્વચ્છતા કામગીરી હાથ ધરવામાં આવી હતી. જિલ્લા કલેક્ટર નીતીન સાંગવાનના માર્ગદર્શન હેઠળ સ્વચ્છતા અભિયાનમાં વિવિધ ગામોમાં જાહેર સંસ્થાઓ, સરકારી કચેરીઓ, હાટ બજારો, ધાર્મિક સંસ્થાઓની સાફ-સફાઈ કરવામાં આવી હતી. જે અંતર્ગત નાનાપોંઢા ગામમાં સ્વચ્છતા અભિયાનમાં કપરાડા ધારાસભ્ય જીતુભાઈ ચૌધરી, તાલુકા પ્રમુખ મનીષાબેન, ઉપ પ્રમુખ તુષારભાઈ, તાલુકા વિકાસ અધિકારી, ગામના સરપંચ પ્રીતેશભાઈ, તલાટી, ગ્રામજનો તેમજ સફાઈ કર્મચારીઓ દ્વારા સઘન સાફસફાઈ કરવામાં આવી હતી.

## વાપીના છરવાડાથી દિલ્હી જવા નીકળેલો યુવક ગુમ

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**

**વલસાડ, તા.૧૪:** વાપીના છરવાડા, મજીદની બાજુમાં, શાંતિવન એવેન્યુ, ૧૦૧ ખાતે રહેતા ૩૧ વર્ષીય અમીત ભરતપ્રસાદ જયસ્વાલ (મૂળ રહે. ગરન્ડી, બિહાર) તા.૨૫/૦૫/૨૦૨૬ના રોજ સવારે ૫ થી બપોરે ૨ વાગ્યા દરમિયાન પોતાના ઘરેથી દિલ્હી જવાનું કહી નીકળ્યા બાદ તેઓ આજદિન સુધી પરત ફર્યા નથી. ગુમ અમીત મજબૂત બાંધો, ઘઉંવર્ણ અને આશરે ૫ ફૂટ ૭ ઈંચ ઉંચાઈ ધરાવે છે. મરૂન કલરની ટી-શર્ટ, લાઈટ ગ્રીન કલરનો પેન્ટ અને ચપ્પલ પહેરેલા હતા. તેઓ હિન્દી ભાષા જાણે છે. જો કોઈને પણ આ યુવકની ભાળ મળે તો ડુંગરા પોલીસ સ્ટેશનનો નં.૯૩૨૮૩ ૭૦૬૫૨નો સંપર્ક કરવા જણાવાયું છે.

આમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક
વર્તમાન પ્રવાહ

## તંત્રી લેખ

# દેશમાં સાઈબર ગુનાખોરીના અંતના કોઈ અણસાર જણાતા નથી

દેશભરમાં સમાજના તમામ વર્ગોને અસર કરી રહેલા સાયબર ગુનેગારોની સામે જાગૃતિના અને પગલાંના દાવા વચ્ચે આ ગુનાખોરીના અંતના કોઈ અણસાર જણાતા નથી. રોજેરોજ નવા નવા કારસામાં નિર્દોષ લોકોના લાખો રૂપિયાની સાયબર ધાડના બનાવ વધી રહ્યા છે ત્યારે ઠગાઈ અને વિશ્વાસઘાતની મસમોટી રકમ સગેવગે કરવામાં બેંકિંગ વ્યવસ્થાના કર્મચારીઓની સાંઠગાઠ તરફ ભાગ્યે જ કોઈએ ધ્યાન આપવાની તસ્દી લીધી છે. દેશભરની સલામતી એજન્સીઓ આ મામલે કમર કસી રહી છે ત્યારે ગુજરાત પોલીસે 'ઓપરેશન મ્યુલ હન્ટ' હાથ ધરીને આવા બેનામી ખાતાંને ઝડપી લેવા કમર કસી છે. સાયબર ગુનાખોરીના વધતા જતા વ્યાપની સામે દેશભરની સલામતી એજન્સીઓ મથી રહી છે ત્યારે આવી ઓનલાઈન ધાડનાં નાણાંની માટે બેંકોના જવાબદારો મદદગાર બની જતા હોવાની ચોંકાવનારી હકીકતો સામે આવી રહી છે. સામાન્ય લોકોને નજીવા કમિશનની લાલચ આપીને સાયબર ગઠિયાઓ તેમનાં ખાતાંનો ઉપયોગ છેતરપિંડીની મસમોટી રકમ જમા કરાવવા માટે કરતા હોવાની હકીકત આજકાલની નથી. મ્યુલ ખાતાં તરીકે કુખ્યાત આ બેંક એકાઉન્ટ આવાં ખાતાં ખોલાવવાથી માંડીને તેનાં ઓપરેશન તરફ કોઈનું ધ્યાન ન જાય તે માની શકાય તેમ નથી. સાયબર ગુનેગારોના કારસામાં બેંકના કર્મીઓની સાંઠગાઠ હોવાની વાત હવે નક્કર સ્વરૂપમાં સામે આવી રહી છે. તાજેતરમાં રાજધાની દિલ્હીના ન્યૂ કોલોની વિસ્તારમાં એક સહકારી બેંકના નાયબ મેનેજરની આવા ગુના માટે ધરપકડ થઈ હતી. આવા કિસ્સા વધુ ને વધુ સામે આવી રહ્યા છે. દરમ્યાન ગુજરાત પોલીસે આવાં ખાતાંની સામે 'ઓપરેશન મ્યુલ હન્ટ' શરૂ કરીને રૂા.૨,૨૦૦ કરોડથી વધુની લેવડ-દેવડ કરાવતા એક હજારથી વધુ ખાતાં અને ખાતાધારકોની સામે કાર્યવાહી હાથ ધરી છે. પહેલી જૂનના અપાયેલી સત્તાવાર માહિતી મુજબ ૬૩૮ આરોપીઓ સામે ૫૬૫ એફ.આઈ.આર. નોંધાઈ છે. આ રાજ્યવ્યાપી કાર્યવાહી હજી ચાલી રહી છે. પશ્ચિમ કચ્છ પોલીસે માધાપરના એક બેંક ખાતામાં ૪૭ દિવસની અંદર દેશભરમાંથી ૪૭ કરોડની જંગી રકમ જમા થયાનો ગુનો નોંધ્યો છે. તો પૂર્વ કચ્છ પોલીસે બુધવારે જાહેર કરેલી વિગતો મુજબ ગરીબોને ભોળવીને તેમનાં ખાતાંમાં સાયબર છેતરપિંડીની રકમ જમા કરવાના કારસાનો પર્દાફાશ થયો છે. ૧૦૫ બેંક ખાતાંમાં દેશ ઉપરાંત શ્રીલંકામાં આવી છેતરપિંડી આચરીને ૪૩ કરોડ જેવી મસમોટી રકમ જમા કરવાના ચોંકાવનાર કારસાનો ખુલાસો થયો છે. ચાર જણની ધરપકડ થઈ છે, બાકીના સૂત્રધારોને શોધવામાં આવી રહ્યા છે. આ કિસ્સામાં ગાંધીધામની એક ખાનગી બેંકના કર્મચારીની સંડોવણી પણ સામે આવી છે. દિલ્હીમાં અને ગાંધીધામમાં મ્યુલ બેંક ખાતાંના બનાવમાં બેંક કર્મચારીઓની સંડોવણી સામે આવતાં આ સાયબર ક્રાઈમનાં ચક્રમાં બેંકના જવાબદારોની ભૂમિકા પ્રસ્થાપિત થઈ રહી છે. પોલીસ અને સલામતી એજન્સીઓ સાયબર ક્રાઈમને રોકવા લોકોને જાગૃત કરવા સતત મથી રહ્યા છે ત્યારે આ ગુનામાં છેતરપિંડીની રકમ જ્યાં જમા થાય છે તે બેંક ખાતાંને શોધીને ગુનેગારોના સગડ અને રકમ મેળવવા પર વધુ વ્યવસ્થિત રીતે વ્યૂહરચના ઘડી કાઢવાની જરૂરત છે. સામાન્ય લોકોને જાગૃત કરવાની સાથોસાથ આવી જવાબદાર બેંકોને તેમનાં ખાતાંના વ્યવહારો તરફ આંખ આડા કાન કરવાને બદલે લેવડ-દેવડ પર બારીકાઈથી નજર રાખવાની તાલીમ આપવાની પણ તાકીદની જરૂરત છે. દેશભરના પોલીસદળોએ ગુજરાતનાં 'ઓપરેશન મ્યુલ હન્ટ'માંથી બોધપાઠ લેવાની પણ ખાસ જરૂરત છે. કેન્દ્રીય સ્તરે 'ઓપરેશન મ્યુલ હન્ટ'ના સંકલિત અમલથી સાયબર ગુનાખોરીનાં વળતાં પાણી કરી શકાય તેમ છે.

# દીવના બુચરવાડા ખાતેની સરકારી શાળાના નૌસેનિક એન.સી.સી.એ ૧૩૦ દેશોના યોગસાધકો સાથે કર્યા યોગ





(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
**દીવ, તા.૧૪**

'યોગસ્થઃ કુરુ કર્માણિ'ના વૈદિક મંત્રને સાર્થક કરતા, વિશ્વ યોગ દિવસની પાવન પૂર્વ સંધ્યાએ આયુષ મંત્રાલય દ્વારા મોરારજી દેસાઈ રાષ્ટ્રીય યોગ સંસ્થાન અને Habuildના સહયોગથી આયોજિત વૈશ્વિક 'યોગ સ્ટ્રીમ' મહોત્સવમાં દીવના સાગરકાંઠે આવેલી બુચરવાડા શાળાના નૌસેનિક રાષ્ટ્રીય કેડેટ કોર્પ્સ(એન.સી.સી.) કેડેટ્સે ૧૩૦ દેશોના યોગસાધકો સાથે યોગ કર્યા હતા.


૧૪મી જૂન, ૨૦૨૬ના રવિવારે જ્યારે યુટ્યુબના વૈશ્વિક આકાશમાં ૧૩૦ રાષ્ટ્રો એક શ્વાસે, એક લયમાં યોગમય બન્યા, ત્યારે સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળા, બુચરવાડાના કેડેટ્સે પણ 'વસુધૈવ કુટુમ્બકમ્'ની ભાવનાથી ઓતપ્રોત થઈને આ યોગયજ્ઞમાં પોતાની આહુતિ આપી હતી.

આ ગૌરવવંતી ઉપસ્થિતિ નેવલ એન.સી.સી. અધિકારી શ્રી હર્ષદ મકવાણાના પ્રેરક માર્ગદર્શન, જ્ઞાનવૃદ્ધ વરિષ્ઠ શિક્ષક શ્રી મનીષભાઈ સ્માર્ટના આશીર્વાદ અને શારીરિક શિક્ષણના પારંગત શ્રી જયેશ દેસાઈના નિષ્ઠાવાન સહયોગથી શક્ય બની હતી. કેડેટ્સે સૂર્યનમસ્કારથી માંડીને પ્રાણાયામ સુધીની દરેક યોગક્રિયામાં શિસ્ત અને સમર્પણનો પરિચય આપી 'હર ઘર યોગ, હર જન નિરોગ'ના સંકલ્પને નવું બળ પૂરું પાડ્યું હતું.

### રમેશ કટારા ઘેરાયા, શિક્ષકોમાં આક્રોશ

# શિક્ષકો અંગેના નિવેદનથી ભારે રાજકીય ગરમાવો

## તેમણે એમ પણ કહ્યું કે અગાઉ લોકો ૫૦૦થી ૧૦૦૦ રૂપિયાના પગારમાં પણ નિષ્ઠાપૂર્વક નોકરી કરતા હતા



(સંપૂર્ણ સમાચાર સેવા)
**ગોધરા, તા.૧૪**

કૃષિ રાજ્યમંત્રી રમેશ કટારાના શિક્ષકોને લઈને કરાયેલા નિવેદન બાદ રાજ્યભરમાં શિક્ષક સંગઠનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ગોધરામાં એક કાર્યક્રમ દરમિયાન રમેશ કટારાએ શિક્ષકો અને સરકારી કર્મચારીઓની કાર્યશૈલી અંગે ટિપ્પણી કરતાં વિવાદ સર્જાયો છે.

રમેશ કટારાએ પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે, "ઘણી વખત શિક્ષકો વર્ગખંડમાં શિક્ષણ આપવાને બદલે મોબાઈલમાં વ્યસ્ત જોવા મળે છે. આજે સારો પગાર અને પગારપંચના લાભો મળતા હોવા છતાં કેટલાક લોકો કામ કરવા તૈયાર નથી." તેમણે એમ પણ કહ્યું કે અગાઉ લોકો ૫૦૦થી ૧૦૦૦ રૂપિયાના પગારમાં પણ નિષ્ઠાપૂર્વક નોકરી કરતા હતા.

કૃષિ રાજ્યમંત્રીએ આળસુ અધિકારીઓને પણ આડે હાથ લેતા કહ્યું કે, "જેનું ખાઈએ તેનું ગાઈએ" અને તમામ અધિકારીઓએ આળસ છોડીને નિષ્ઠાપૂર્વક કામ કરવું જોઈએ. જોકે મંત્રીના આ નિવેદન સામે શિક્ષક સંગઠનો અને શિક્ષકોમાં ભારે આક્રોશ ફેલાયો છે. શિક્ષકોનું કહેવું છે કે, સાચી પરિસ્થિતિ જાણ્યા વિના આવા નિવેદનો કરવાથી શિક્ષક સમાજની લાગણી દુભાય છે. શિક્ષકોના જણાવ્યા મુજબ શિક્ષણ ઉપરાંત ચૂંટણી, સર્વે, વસ્તી ગણતરી સહિત અન્ય વિભાગોની અનેક જવાબદારીઓ પણ તેમના પર સોંપવામાં આવે છે.

શિક્ષકોએ દલીલ કરી કે, મોબાઈલનો ઉપયોગ ઓનલાઈન હાજરી, શૈક્ષણિક એપ્લિકેશન અને સ્માર્ટ શિક્ષણ માટે કરવામાં આવે છે. ઘણા શિક્ષકો પોતાના ખર્ચે મોબાઈલ ડેટાનો ઉપયોગ કરીને વિદ્યાર્થીઓને આધુનિક શિક્ષણ પૂરું પાડે છે. શૈક્ષિક મહાસંઘના પ્રતિનિધિ મિતેશ ભટ્ટે મંત્રીના નિવેદનની ટીકા કરતા જણાવ્યું કે, "સરકાર દ્વારા સમયાંતરે પગારપંચનો લાભ આપવો એ વર્ષોથી ચાલતી વ્યવસ્થા છે. શિક્ષકોને પોતાની સમસ્યાઓ અને રજૂઆતો માટે ઘણી વખત આંદોલન કે ધરણાંનો માર્ગ અપનાવવો પડે છે. તેમણે મંત્રીને શિક્ષકો સાથે બેઠક યોજવા પણ અપીલ કરી છે."

ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘના નેતા રાકેશ ઠાકરે જણાવ્યું કે ૨૦૧૬થી લાગુ થયેલા સાતમા પગારપંચના કેટલાક ભથ્થા હજુ સુધી મળ્યા નથી. તેમણે કહ્યું કે મંત્રીના નિવેદનથી શિક્ષકોની લાગણી દુભાઈ છે અને રમેશ કટારાએ શિક્ષક સમાજની જાહેર માફી માંગવી જોઈએ.

બીજી તરફ, શિક્ષણવિદ્ અને સામાજિક આગેવાન દિગ્વિજયસિંહ જાડેજાએ પણ મંત્રીના નિવેદનને અયોગ્ય ગણાવ્યું છે. તેમણે જણાવ્યું કે શિક્ષકો સમાજના ઘડવૈયા છે અને તેમના માટે આવા શબ્દોનો ઉપયોગ કરવો યોગ્ય નથી. મંત્રીના નિવેદનને લઈને હવે શિક્ષક સંગઠનો અને સરકાર વચ્ચે નવી ચર્ચા શરૂ થઈ છે.

**કૃષિ રાજ્યમંત્રીએ આળસુ અધિકારીઓને પણ આડે હાથ લેતા કહ્યું કે, "જેનું ખાઈએ તેનું ગાઈએ" અને તમામ અધિકારીઓએ આળસ છોડીને નિષ્ઠાપૂર્વક કામ કરવું જોઈએ. જોકે મંત્રીના આ નિવેદન સામે શિક્ષક સંગઠનો અને શિક્ષકોમાં ભારે આક્રોશ ફેલાયો છે**

### ભારતીય સેનામાં ઐતિહાસિક ફેરફાર

# બ્રિટિશ કાળની પરંપરા ખતમ, સેનાનો નવો ડ્રેસ કોડ

## સૈનિકો માટે ૩બી નામનો નવો વિન્ટર ડ્રેસ રજૂ કરાયો છે, જેમાં અંગોલા શર્ટ સાથે બેટલ જેકેટ અને બેરેટ સામેલ




(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી, તા.૧૪**

ભારતીય સેનાએ બ્રિટિશ શાસન સમયની (ઔપનિવેશિક) પરંપરાઓને સદંતર નાબૂદ કરવા માટે પોતાના યુનિફોર્મ અને ગ્રૂમિંગ સંબંધિત નિયમોમાં મોટા ફેરફાર કર્યા છે. સેના દ્વારા તાજેતરમાં જ ૧૭૪ પાનાની નવી ગાઇડલાઇન મેન્યુઅલ 'આર્મી યુનિફોર્મ્સ-૨૦૨૬' બહાર પાડવામાં આવી છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ પ્રકારની મેન્યુઅલ છેલ્લે આઠ વર્ષ પહેલાં બહાર પાડવામાં આવી હતી. નવો આદેશ દેશની બદલાતી સાર્વભૌમ ઓળખ અને ભારતીયતાને ઉજાગર કરે છે.

**'બંદી જેકેટ'ને મંજૂરી:** ભારતીય સંસ્કૃતિના પ્રતીક સમાન બંધ-ગળા વાળા 'બંદી જેકેટ'ને હવે ઔપચારિક કાર્યક્રમોમાં ફોર્મલ ડ્રેસ તરીકે પહેરવાની મંજૂરી આપવામાં આવી છે. આ જેકેટ સોલિડ અને સોબર રંગનું હોવું જોઈએ.

**શિયાળા માટે નવો ગણવેશ:** તમામ રેન્કના સૈનિકો માટે ૩બી નામનો નવો વિન્ટર ડ્રેસ રજૂ કરાયો છે, જેમાં અંગોલા શર્ટ સાથે બેટલ જેકેટ અને બેરેટ (ટોપી) સામેલ છે.

**સેરેમોનિયલ બેલ્ટ હટાવાયો:** ઓફિશિયલ 'મેસ ડ્રેસ નંબર ૫' અને 'નંબર ૬' માંથી સેરેમોનિયલ પાઉચ બેલ્ટને હટાવી દેવામાં આવ્યો છે. (જોકે કર્નલ રેન્ક સુધીના અમુક ખાસ રેજિમેન્ટલ ઑફિસર્સ માટે તે માન્ય રહેશે).

**તલવાર રાખવી વૈકલ્પિક:** પરેડ દરમિયાન રિવ્યુઇંગ ઑફિસર્સ (સમીક્ષા કરનારા અધિકારીઓ) માટે હવે તલવાર સાથે રાખવી વૈકલ્પિક (ઓપ્શનલ) કરી દેવાઈ છે. મહિલા અધિકારીઓ સત્તાવાર કાર્યક્રમોમાં સાદા રંગની સાડી અથવા દુપટ્ટા સાથે કુર્તા-સલવાર અને એન્કલ-લેન્થ (ટખના સુધીની) સીધી પેન્ટ પહેરી શકશે. જોકે, સ્લીવલેસ (બાયં વિનાના) કુર્તા, પ્લાઝો કે સિગારેટ પેન્ટ જેવા કેઝ્યુઅલ કપડાં પહેરવા પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. નવા મેન્યુઅલમાં સૈનિકોના લુક અને ગ્રૂમિંગને લઈને અત્યંત કડક સૂચનાઓ આપવામાં આવી છે:

**ટેટૂ અને પિયર્સિંગ:** શરીર પર કોઈ પણ જગ્યાએ ટેટૂ ચિતરાવવા પર કે પિયર્સિંગ (કાણા પડાવવા) પર સખત મનાઈ છે.

**ધાર્મિક ચિહ્નો અને દોરા:** યુનિફોર્મ સાથે કોઈ પણ પ્રકારના ધાર્મિક ચિહ્નો કે બ્રેસલેટ પહેરી શકાશે નહીં. માત્ર પૂજાનો પવિત્ર દોરો (નાડાછડી) કાંડા પર બાંધી શકાશે. શીખ સૈનિકોને તેમના ધાર્મિક નિયમો મુજબ છૂટછાટ યથાવત્ રહેશે.

**મૂછો અને હેરકટ:** સૈનિકોની મૂછો ૧૨ સેન્ટીમીટર કરતાં વધુ લાંબી હોવી જોઈએ નહીં.

**પરફ્યુમ અને કોસ્મેટિક્સ:** ડ્યુટી પર અથવા યુનિફોર્મમાં સૈનિકો ડિઓડરન્ટ કે પરફ્યુમનો ઉપયોગ નહીં કરી શકે (આફ્ટર-શેવ લોશન માન્ય છે). મહિલા કર્મચારીઓ માટે લિપસ્ટિક, કલરફૂલ નેલપોલિશ, બિંદી કે નોઝ પિન લગાવવા પર પ્રતિબંધ છે. તેઓ સિંદૂર લગાવી શકે છે, પણ તે ટોપી પહેર્યા પછી દેખાવું જોઈએ નહીં. નવા નિયમોમાંથી 'રોયલ' જેવા બ્રિટિશ કાળના જૂના શબ્દોને પણ હંમેશા માટે હટાવી દેવામાં આવ્યા છે.

લેફ્ટનન્ટ જનરલ વી.પી.એસ. કૌશિકે જણાવ્યું કે, આ ફેરફાર સેનાને ભારતીય વિચારધારાને અનુરૂપ બનાવવાની દિશામાં એક મોટું પગલું છે. ઉલ્લેખનીય છે કે, પાંચ વર્ષ પહેલાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતના કેવડિયા ખાતે યોજાયેલી 'કમ્બાઈન્ડ કમાન્ડર્સ કોન્ફરન્સ'માં સશસ્ત્ર દળોને ઔપનિવેશિક પ્રથાઓ ખતમ કરી ભારતીય રીત-રિવાજો અપનાવવાનો નિર્દેશ આપ્યો હતો, જેના ભાગરૂપે આ ફેરફારો અમલી કરાયા છે.

### ઈરાન-અમેરિકા ડીલ પર ગ્રહણ?

# ઈઝરાયલે ટ્રમ્પની આશાઓ પર પાણી ફેરવ્યું, લેબેનૉન પર ભીષણ હુમલા

(સંપૂર્ણ સમાચાર સેવા)

**લેબેનોન, તા.૧૪:** મિડલ ઈસ્ટમાં શાંતિ સ્થાપવાના અમેરિકાના પ્રયાસોને રવિવારે સવાર થતાં જ એક મોટો આંચકો લાગ્યો છે. એક તરફ અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સતત એવો દાવો કરી રહ્યા છે કે રવિવારે યુએસ અને ઈરાન વચ્ચે એક ઐતિહાસિક શાંતિ કરાર થઈ શકે છે, પરંતુ બીજી તરફ ઈઝરાયલ અટકવાનું નામ નથી લઈ રહ્યું. ઈઝરાયલે દક્ષિણ લેબેનૉન પર ફરીથી તીવ્ર હવાઈ હુમલા શરૂ કરી દીધા છે. આ નવા સૈન્ય એક્શન બાદ હવે સૌથી મોટો સવાલ એ ઊભો થયો છે કે આટલા તણાવપૂર્ણ માહોલમાં યુએસ-ઈરાન શાંતિ કરાર કેવી રીતે શક્ય બનશે?

આ વૈશ્વિક રાજદ્વારી ડ્રામા વચ્ચે ઈરાને પોતાનું વલણ અત્યંત કડક કરી લીધું છે. ઈરાની મીડિયાના અહેવાલો અનુસાર, પ્રસ્તાવિત યુએસ-ઈરાન શાંતિ કરારના ફ્રેમવર્કની પહેલી અને સૌથી અનિવાર્ય શરત એ જ છે કે લેબેનૉન સહિત તમામ મોરચે ઈઝરાયલે પોતાની સૈન્ય કાર્યવાહી અને ગોળાબારૂદનો ઉપયોગ તાત્કાલિક બંધ કરવો પડશે. ઈરાનની આ સ્પષ્ટ શરત હોવા છતાં, ઈઝરાયલે દક્ષિણ લેબેનૉનમાં હિઝબુલ્લાહ અને અન્ય સૈન્ય ઠેકાણાઓને નિશાન બનાવીને ભારે બોમ્બમારો ચાલુ રાખ્યો છે. આવી સ્થિતિમાં ટ્રમ્પનો 'સંડે ડીલ'નો દાવો મુશ્કેલીમાં મૂકાઈ ગયો છે, કારણ કે જ્યાં સુધી ઈઝરાયલ પાછળ નહીં હટે ત્યાં સુધી ઈરાન કોઈપણ દસ્તાવેજ પર સહી કરવા તૈયાર નથી. આકાશમાંથી વરસી રહેલી મિસાઈલો અને જમીન પર થતાં ધડાકા સ્પષ્ટ સંકેત આપી રહ્યા છે કે ઈઝરાયલ હાલ પૂરતું કોઈ વૈશ્વિક દબાણમાં આવવાના મૂડમાં નથી. જોકે વ્હાઈટ હાઉસ છેલ્લા કેટલાય દિવસથી સતત દાવા કરી રહ્યું છે કે તેઓ ઈઝરાયલ અને લેબેનૉન વચ્ચે સીઝફાયર માટે પ્રયાસો કરી રહ્યા છે.

ઈરાની મીડિયા અને પશ્ચિમી નિષ્ણાતોએ અગાઉ એવી આશા વ્યક્ત કરી હતી કે આ શાંતિ કરારથી સમગ્ર વિસ્તારમાં તણાવ ઓછો થશે અને વર્ષોથી સળગી રહેલું મિડલ ઈસ્ટ શાંત થશે. પરંતુ ઈઝરાયલના આ તાજા વલણે ટ્રમ્પની રણનીતિ પર પાણી ફેરવી દીધું છે. હવે મોટો સવાલ એ છે કે શું ડોનાલ્ડ ટ્રમ્પ ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુને હુમલા રોકવા માટે મનાવી શકશે? જો તેઓ નિષ્ફળ જશે, તો આ ઐતિહાસિક કરાર સત્તાવાર જાહેર થતાં પહેલા જ ફ્લોપ થઈ શકે છે.

**આ નવા સૈન્ય એક્શન બાદ હવે સૌથી મોટો સવાલ એ ઊભો થયો છે કે આ માહોલમાં યુએસ-ઈરાન શાંતિ કરાર કેવી રીતે શક્ય બનશે**

## સ્પોર્ટ્સ ન્યૂઝ

રોહિતે કહ્યું બધું બરાબર છે, કોઈ વાંધો નહીં

# શુભમન ગિલના કારણે રનઆઉટ થયો રોહિત શર્મા

**મેદાન પર ઉતરતાની સાથે જ રોહિત વનડે ક્રિકેટ રમનાર સૌથી મોટી ઉંમરનો ભારતીય ખેલાડી પણ બની ગયો**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**ધર્મશાલા, તા.૧૪ :** ધર્મશાલામાં રમાયેલી પહેલી વનડે મેચમાં એક હાઈ-વોલ્ટેજ ડ્રામા જોવા મળ્યો હતો. ભારતીય ટીમના સ્ટાર ઓપનર રોહિત શર્મા આ મેચમાં કમનસીબે રન આઉટ થઈ ગયો હતો. જેના કારણે સોશિયલ મીડિયા પર ફેન્સ વચ્ચે જોરદાર ચર્ચા શરૂ થઈ ગઈ છે. રસપ્રદ વાત એ છે કે, આ રન આઉટ બાદ પણ ક્રિઝ પર ટકી રહેલા શુભમન ગિલે બેટિંગથી એવી ધમાકેદાર વાપસી કરી કે માત્ર મેચ જ ન જીતાડી પરંતુ એક મોટો વર્લ્ડ રેકોર્ડ પણ પોતાના નામે કરી લીધો.

મેચ દરમિયાન રોહિત શર્માએ લેગ સાઈડમાં એક શાનદાર શોટ રમીને રન લેવા માટે દોડ લગાવી હતી. બીજી તરફ રહેલા શુભમન ગિલ પણ થોડો આગળ નીકળ્યો, પરંતુ અચાનક પીછેહઠ કરીને ક્રીઝમાં પાછો ફરી ગયો. રોહિત શર્માએ પણ અધવચ્ચે રોકાઈને પાછા ફરવાનો પ્રયાસ કર્યો, પરંતુ ત્યાં સુધીમાં મોડું થઈ ચૂક્યું હતું અને તેઓ રન આઉટ થઈ ગયો.

વર્ષ ૨૦૨૪થી અત્યાર સુધીમાં રોહિત શર્મા ઈન્ટરનેશનલ ક્રિકેટમાં કુલ ૨ વાર રન આઉટ થયો છે અને આ બંને વખતે બીજા છેડે શુભમન ગિલ જ હાજર હતો! રોહિતે આ મેચમાં ૧૬ બોલમાં ૨ ચોગ્ગા અને ૧ છગ્ગાની મદદથી ૧૬ રન બનાવ્યા હતા.

આ મેચમાં મેદાન પર ઉતરતાની સાથે જ રોહિત વનડે ક્રિકેટ રમનાર સૌથી મોટી ઉંમરનો ભારતીય ખેલાડી પણ બની ગયો છે.

આ રન આઉટ દરમિયાન ભારતીય કેપ્ટન શુભમન ગિલના રસ્તામાં અફઘાનિસ્તાનનો બોલર વચ્ચે આવી ગયો હતો, જેના કારણે આ ગેરસમજ સર્જાઈ હતી. મેચ પૂરી થયા બાદ પોસ્ટ મેચ ઈન્ટરવ્યૂમાં ગિલને આ રન આઉટ વિશે પૂછવામાં આવ્યું ત્યારે તેણે કહ્યું કે, રોહિત ભાઈએ ડ્રેસિંગ રૂમમાં જઈને રન આઉટનો રીપ્લે જોયો અને ત્યારબાદ તેમણે કહ્યું કે, બધું બરાબર છે, કોઈ વાંધો નહીં. અફઘાનિસ્તાન સામે રમાયેલી છેલ્લી T20 મેચમાં પણ તેઓ આ જ રીતે રન આઉટ થયા હતા. કેપ્ટન શુભમન ગિલે કેપ્ટન રોહિત શર્માના રન આઉટની પૂરેપૂરી ભરપાઈ પોતાના શાનદાર બેટિંગ પ્રદર્શનથી કરી દીધી હતી. તેણે અફઘાનિસ્તાનના બોલરોની બરાબરની ધુલાઈ કરતા માત્ર બોલમાં ૮૪ રનની અણનમ તોફાની ઈનિંગ રમી હતી. આ શાનદાર પ્રદર્શન માટે તેને પ્લેયર ઓફ ધ મેચના એવોર્ડથી નવાજવામાં આવ્યો હતો.

આ મેચ શુભમન ગિલના કરિયર માટે ઐતિહાસિક સાબિત થઈ છે. ગિલ હવે ભારત તરફથી વનડે ક્રિકેટમાં સૌથી ઝડપી ૩,૦૦૦ રન પૂરા કરનારો બેટર બની ગયો છે. તેણે આ સિદ્ધિ માત્ર ૬૧મી ઈનિંગમાં હાસિલ કરી છે.

ફર્સ્ટ હાફમાં એક પણ ગોલ ના થયાં બાદ સેકન્ડ હાફમાં ત્રણ ગોલ નોંધાયા

# ૧૩ મિનિટમાં બે ગોલ કરી દ.કોરિયાએ ૨-૧થી જીત મેળવી

(સંપૂર્ણ સમાચાર સેવા)

**મુંબઈ, તા.૧૪ :** દક્ષિણ કોરિયા અને ચેક રિપબ્લિક વચ્ચે રમાવેલી ઓપનિંગ ડેની બીજી મેચમાં દક્ષિણ કોરિયાએ ચેક રિપબ્લિકને ૨-૧થી હરાવીને વિજથી શુભારંભ કર્યો હતો. મેચનો પહેલો હાફમાં એક પણ ગોલ વધો નહોતો પરંતુ સેકન્ડ હાફમાં ત્રણ ગોલા પડયાં હતાં. ૫૯મી મિનિટે ચેકિયાના કેપ્ટન ગાડિસ્કાય કેજકીએલેડર દ્વારા સાનદાર ગોળ ફટકારીને ટીમને ૧.૦ની સરસાઈ અપાવી હતી. જોકે, દતિયા કોરિયાએ હાર ન માનતા જબરદસ્ત કમબેક કર્યું હતું. ૬૭થી ચિનિટે હાંગ ઈન નિયોમે ગોલ કરીને સ્કોર ૧-૧થી ખરાબર કર્યો હતો. ત્યારબાદ ૮૦થી મિનિટે ઓહ ભરદાક્રિયોન ય્યુએ બીજો અને નિર્ણાયક ગોલ કટકારીને કોરિયાને ૨-૧ની હોડ સપાવી હડપી હતી. અંતિમ મિનિટોમાં કિયાએ સ્કોર બરાબર કરવાના આફપક પ્રયાસી કર્યા. પરંતુ કોરિયન ગોલકીપર અને ડિફન્સે મજબૂત મચાય કરી ટીમને રોમાંચક જીત આપાવી હતી.

દક્ષિણ આફ્રિકા સામે ૨-૦થી જીત

# મેક્સિકો માટે જુલિયન ક્વિનોન્સ અને રાઉલ જિમેનેઝે ગોલ ફટકાર્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)

**મુંબઈ, તા.૧૪ :** સહ-વજમાન મેક્સિકોએ ફિલ્મ વર્લ્ડ કપ ૨૦૨૬ની ઓપનિંગ મેચમાં દક્ષિણ આફ્રિકાને ૨-૦થી હરાવીને ટુર્નામેન્ટમાં વિજથી શરૂઆત કરી છે. મજબુત મેકિરાકીની ટીમ આપે ૬. આફ્રિકાના ખેલાડી સંવર્ષ કરતા જોવા મળ્યા હતાં. મેકિસકો સિટી સ્ટેડિયમમાં રમાયેલી ટુર્નામેન્ટની પ્રથમ મેચમાં વજમાન ટીચે શરૂઆતથી જ દબદબો જાળવી રાખ્યો હતો અને જુલિયન વિનોવા તથા રાઉલ જિમેનેઝના ગોલની મદદથી જીત સાથે પોતાના અભિયાનની આક્રમક શરૂઆત કરી હતી. મેક્સિકોએ શરૂઆતથી જ આક્રમક વલણ અપનાવ્યું હતું. અને તેનો સીધો ફાયદો તેને નવમી મિનિટમાં જ મળ્યો હતો. જુલિયન વિનોન્સે દક્ષિણ આક્લિાની ડિફેન્ડર્સને ભેદીને શાનદાર ગોલ ફટકાર્યો હતો અને ટીમને ૧-૦ની સરસાઈ અપાવી હતી.

શરૂઆતી ગોધ બાદ પણ મેક્સિકોએ મૅચ પર પોતાનું નિયંત્રણ જાળવી રાખ્યું હતું અને રાતત વિપક્ષો ટીમ પર દબાણ બનાવતું રહ્યું હતું. સંખ્યાત્મક સરસાઈનો ફાયદો ઉઠાવતા મેક્સિકોએ સતત પોતાના હુમલા ચાલુ રાખ્યા હતા. આખરે દુદ્વામી મિનિટમાં રાઉલ જિમેનેઝે હેડરથી ગોલ ફટકારીને ટીમની સરસાઈ ૨-૦ કરી દીધો હતો. આ જ દરમિયાન મુકાબલાનો બીજો હાલ્ડ્રેશન લોક પણ લેવામાં અઆવ્યો હતો. રાઉલ જિમેનેઝ પોતાનો ફિફા વર્લ્ડકપનો પહેલો ગોલ કરકારીને તેને પિતાને સમર્પિત કર્યો હતો.

કેન વિલિયમસનની નિવૃત્તિ પર તેંડુલકરની ભાવુક પોસ્ટ

# કેન વિલિયમસન સાચા અર્થમાં એક જેન્ટલમેન છે

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૧૪ :** વિશ્વ ક્રિકેટના ઈતિહાસમાં સૌથી ક્લાસિક, સન્માનિત અને વિનમ્ર બેટ્સમેનોમાંના એક એવા ન્યૂઝીલેન્ડના પૂર્વ કેપ્ટન કેન વિલિયમસને ૧૨ જૂનના રોજ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ જાહેર કરીને રમત જગતને ચોંકાવી દીધું છે. તેમના ૧૬ વર્ષ લાંબા શાનદાર અને યાદગાર આંતરરાષ્ટ્રીય કારકિર્દીના અંત બાદ સમગ્ર ક્રિકેટ જગત ભાવુક બન્યું છે. કેન વિલિયમસનની વિદાય પર ભારતના મહાન બેટ્સમેન ક્રિકેટના ભગવાન સચિન તેંડુલકરે પણ સોશિયલ મીડિયા પર અત્યંત ગૌરવપૂર્ણ અને ભાવુક અંદાજમાં એક વિશેષ પોસ્ટ શેર કરીને વિલિયમસનને સલામી આપી છે.

સચિન તેંડુલકરે કેન વિલિયમસનની બેટિંગ ક્લાસ અને તેની અદભુત રમતગમતની ભાવનાને બિરદાવતા સોશિયલ મીડિયા પર લખ્યું: "જ્યારથી કેન વિલિયમસન આંતરરાષ્ટ્રીય સ્તરે ક્રિકેટ રમવા લાગ્યા, ત્યારથી તેઓ દુનિયાના સૌથી ટેક્નિકલી મજબૂત અને સવર્શ્રેષ્ઠ બેટ્સમેનોમાંના એક રહ્યા છે. તેમની બેટિંગમાં જોવા મળતું સંતુલન, અદભુત ટાઈમિંગ અને ક્રીઝ પરનો એકદમ શાંત સ્વભાવ તેમને વિશ્વના અન્ય તમામ ખેલાડીઓથી અલગ અને ખાસ બનાવતો હતો."

સચિને આગળ રમૂજી છતાં સચોટ અંદાજમાં લખ્યું કે, "કેન વિલિયમસન સાચા અર્થમાં એક જન્ટલમેન છે અને વિશ્વભરના યુવા ખેલાડીઓ માટે આદર્શ છે. તેમની નિવૃત્તિના સમાચાર સાંભળીને ચોક્કસપણે દુનિયાભરના ઘણા ઘાતક બોલરોના કેમ્પમાં રાહતનો શ્વાસ લેવાયો હશે અને હવે બોલરો ચેનની ઊંઘ સૂઈ શકશે." સચિને વિલિયમસનને તેના જીવનના આગામી અધ્યાય માટે હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી. ૩૫ વર્ષીય કેન વિલિયમસનની વિદાય સાથે બ્લેકકેપ્સ (ન્યૂઝીલેન્ડ ટીમ)ના એક સુવર્ણ યુગનો અંત આવ્યો છે. વિલિયમસન ન્યૂઝીલેન્ડ ક્રિકેટના ઈતિહાસમાં સૌથી વધુ રન બનાવનાર બેટ્સમેન તરીકે નિવૃત્ત થયા છે. આ આંકડા સાબિત કરે છે કે તેઓ માત્ર ન્યૂઝીલેન્ડના જ નહીં, પરંતુ આધુનિક ક્રિકેટના Fab-4ના સૌથી મજબૂત સ્તંભ હતા. Fab-4 એટલે કે દુનિયાના ચાર શ્રેષ્ઠ પ્લેયર જેમાં કેન વિલિયમસન, વિરાટ કોહલી, સ્ટીવ સ્મિથ અને જો રૂટનો સમાવેશ થાય છે. ફેબ્રુઆરી ૨૦૧૫ અને ૨૦૧૯ના વનડે વર્લ્ડ કપની ફાઈનલ સુધી ટીમને પહોંચાડવામાં અને ન્યૂઝીલેન્ડને આઈસીસી વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ટ્રોફી જીતાડવામાં તેમનું યોગદાન અમૂલ્ય રહ્યું છે.

આજે ભારત બદલાવના મોટા તબક્કામાંથી પસાર થઈ રહ્યું છે : નરેન્દ્ર મોદી

# AIની રેસમાં દુનિયાથી આગળ નીકળી શકે છે ભારત : ઈમેન્યુઅલ મેક્રોન

**વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઇમેન્યુઅલ મેક્રોનએ ફ્રાન્સના નીસ શહેરમાં સંયુક્ત રીતે 'ભારત ઇનોવેટ્સ' કાર્યક્રમનું ઉદ્ઘાટન કર્યુ હતું**




(સંપૂર્ણ સમાચાર સેવા)

**પેરિસ, તા.૧૪**

વડાપ્રધાન નરેન્દ્ર મોદી હાલમાં ફ્રાન્સ અને સ્લોવાકિયાની યાત્રા પર છે, જ્યાં G-7 શિખર સંમેલન પહેલાં તેમણે ફ્રાન્સના નીસ શહેરમાં રાષ્ટ્રપ્રમુખ ઈમેન્યુઅલ મેક્રોન સાથે મુલાકાત કરી હતી. પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા ભારે તણાવ વચ્ચે યોજાયેલી આ બેઠકમાં બંને નેતાઓએ સંયુક્ત રીતે 'ભારત ઈનોવેટ્સ' કાર્યક્રમનું ઉદ્ઘાટન કર્યું હતું. આ કાર્યક્રમ દરમિયાન રાષ્ટ્રપ્રમુખ મેક્રોને પીએમ મોદીની જોરદાર પ્રશંસા કરતા જણાવ્યું હતું કે, ભારત AI (આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ)ના ક્ષેત્રમાં સમગ્ર વિશ્વમાં સૌથી આગળ નીકળી શકે છે. નીસમાં આયોજિત આ વિશેષ કાર્યક્રમમાં ફ્રાન્સના રાષ્ટ્રપ્રમુખ ઈમેન્યુઅલ મેક્રોને ભારતની ટેકનોલોજી ક્ષમતાની પ્રશંસા કરી હતી. તેમણે કહ્યું કે, હવે સવાલ એ નથી કે ભારત ઈનોવેશન કરી રહ્યું છે કે નહીં, પરંતુ સવાલ એ છે કે ભારતની ભાગીદારી સાથે કોણ ઈનોવેશન કરશે. આ વર્ષે ફેબ્રુઆરીમાં મુંબઈ ખાતે શરૂ થયેલા 'ભારત-ફ્રાન્સ ઈનોવેશન વર્ષ'ના સંદર્ભમાં આ કાર્યક્રમ બંને દેશોના ભવિષ્યના સંબંધો માટે મહત્વનો સાબિત થશે.

કાર્યક્રમને સંબોધિત કરતા પીએમ મોદીએ જણાવ્યું કે, દુનિયાના દેશો માત્ર વેપાર કે વહિવટી ભાગીદારી કરે છે, પરંતુ ભારત અને ફ્રાન્સના સંબંધો એક સમાન વિઝન અને અતૂટ વિશ્વાસથી જોડાયેલા છે. આ સંબંધો પરસ્પર હિતોથી પણ ઉપર છે. બંને દેશોએ સાથે મળીને ઈન્ટરનેશનલ સોલર એલાયન્સ અને AI સંવાદ જેવા મંચ પર માનવતા સામેના વૈશ્વિક પડકારોનો ઉકેલ લાવવાનો પૂરો પ્રયાસ કર્યો છે.

રાષ્ટ્રપ્રમુખ મેક્રોને પીએમ મોદીને ફ્રાન્સની મુલાકાત બદલ અભિનંદન પાઠવ્યા હતા. તેમણે ઉલ્લેખ કર્યો કે પીએમ મોદી આઝાદી પછી ભારતમાં સૌથી લાંબો સમય સેવા આપનારા વડાપ્રધાન બન્યા છે. મેક્રોનના મતે, પીએમ મોદીની આ લાંબી રાજકીય સફર તેમના મક્કમ ઈરાદા અને ભારત દેશની મજબૂતીને દર્શાવે છે, જે વૈશ્વિક સ્તરે ખરેખર પ્રશંસનીય છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોનએ ફ્રાન્સના નીસ શહેરમાં સંયુક્ત રીતે 'ભારત ઈનોવેટ્સ' કાર્યક્રમનું ઉદ્ઘાટન કર્યું હતું. આ કાર્યક્રમમાં ભારત, ફ્રાન્સ અને અન્ય દેશોના મુખ્ય ઈનોવેશન સ્ટાર્ટઅપ્સ અને વેન્ચર કેપિટલ ફંડ્સ એક સાથે જોડાયા હતા. કાર્યક્રમને સંબોધતા પીએમ મોદીએ કહ્યું કે, દુનિયાના વિવિધ દેશો એકબીજા સાથે વેપાર કરે છે અને વિવિધ દેશો વચ્ચે વ્યૂહાત્મક ભાગીદારી પણ હોય છે, પણ કેટલાક સંબંધો એવા હોય છે જે માત્ર સહભાગી રસથી નહીં, પણ સહભાગી વિઝનથી પણ આગળ વધે છે. ભારત અને ફ્રાન્સનો સંબંધ એવો જ છે.

વડાપ્રધાન મોદીએ વધુમાં કહ્યું કે, ભારત-ફ્રાન્સના સંબંધો જોડાણ, દૃઢ વિશ્વાસ, નવીનતા, પ્રેરણા, સહભાગી મૂલ્યો અને સહભાગી વિઝન પર આધારિત છે. આ જ મજબૂત આધાર પર છેલ્લા કેટલાક વર્ષોમાં અમે સાથે મળીને નવી પહેલ શરૂ કરી છે અને વૈશ્વિક પડકારોના ઉકેલ શોધવાનો પ્રયાસ કર્યો છે. બંને દેશો હંમેશા સાથે ચાલ્યા છે. આજે અમને આનંદ છે કે 'ભારત ઈનોવેટ્સ'ની શરૂઆત પણ ફ્રાન્સ સાથે થઈ રહી છે. અહીં આવવા બદલ હું મારા મિત્ર ઈમેન્યુઅલ મેક્રોનનો આભાર માનું છું.

તેમણે કહ્યું કે, "ઈમેન્યુઅલ મેક્રોને તાજેતરમાં ભારતની મુલાકાત દરમિયાન કહ્યું હતું કે આ સદીના પડકારોનો ઉકેલ લાવવા માટે ભારત અને ફ્રાન્સને સાથે મળીને આગળ વધવું પડશે. આજે હું ગર્વથી કહી શકું છું કે આ પહેલ એ જ દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે.

'ભારત ઈનોવેટ્સ' જેવા અનેક પ્લેટફોર્મ ભારતના ટેલેન્ટ અને યુરોપિયન કેપિટલ વચ્ચે એક બ્રિજ બની રહ્યા છે. એવું પ્લેટફોર્મ જ્યાં ભારતના યુવાનોને યુરોપિયન એક્સપર્ટ્સ સાથે જોડાવાનો મોકો મળી રહ્યો છે."

તેમણે વધુમાં કહ્યું, "આજે ૨૧મી સદીનું ભારત બદલાવના એક મોટા તબક્કામાંથી પસાર થઈ રહ્યું છે. આજે ભારતમાં સ્ટાર્ટઅપ રિવોલ્યુશન ચાલી રહ્યું છે. આ પરિવર્તનમાં ભારતના યુવાનો નવી વિચારસરણી સાથે માનવતાના હિતમાં સમસ્યાઓના ઉકેલ શોધી રહ્યા છે. આપણા યુવાનોના વર્લ્ડ-ક્લાસ સોલ્યુશન્સને વૈશ્વિક મંચ પર લાવવાનો માધ્યમ એટલે 'ભારત ઈનોવેટ્સ' છે."

૨૧ વર્ષના આર્યનની પોલ ખુલતાં અધિકારીઓ ચોંક્યા

# NEETમાં નાપાસ થયો અને સીધી બ્રિગેડિયરની વર્દી પહેરી!

(સંપૂર્ણ સમાચાર સેવા)

**શાહજહાંપુર, તા.૧૪**

શાહજહાંપુરમાં એક એવી ઘટના બની છે, જેના વિશે સાંભળીને મોટા-મોટા અધિકારીઓથી લઈને શહેરવાસીઓ રીતસરના ચોંકી ગયા છે. અહીં ૨૧ વર્ષનો આર્યન વર્મા નામનો યુવક ભારતીય સેનાના બ્રિગેડિયર જેવી વર્દી પહેરીને, આગળ-પાછળ સુરક્ષાકર્મીઓ સાથે ટાટા હેરિયર ગાડીમાં ફરતો હતો. ગાડી પર ભારતીય સેનાનો ઝંડો લાગેલો હતો અને તેની સાથે કાળા કપડાંમાં બે કમાન્ડો પણ હતા. પહેલી નજરે કોઈને એવું લાગે કે કોઈ મોટા અધિકારી આવી રહ્યા છે. પણ જે સત્ય સામે આવ્યું, તે જાણીને મોટા-મોટા અધિકારીઓ પણ આશ્ચર્યચકિત થઈ ગયા છે.

છેલ્લા બે મહિનાથી આ વિસ્તારમાં આ યુવકની ચર્ચા ચાલતી હતી. પૂર્વ સૈનિકો અને સ્થાનિક લોકોને તેની હરકતો શંકાસ્પદ લાગી. છેવટે આ માહિતી સેના હેડક્વાર્ટર સુધી પહોંચી અને કમાન્ડન્ટ કર્નલ જે.એસ. જગલાન અને પૂર્વ સૈનિકોએ એક સ્માર્ટ પ્લાન બનાવ્યો. તેઓ સીધી કાર્યવાહી કરવા માંગતા નહોતા. તેમણે યુવકને શહીદ સંગ્રહાલયમાં વિદ્યાર્થીઓને પ્રેરણા આપવા માટે આમંત્રણ આપ્યું.

કાર્યક્રમના દિવસે આર્યન પૂરા આત્મવિશ્વાસ સાથે પહોંચ્યો. તેની ગાડી, વર્દી અને સિક્યોરિટી જોઈને હાજર લોકો પ્રભાવિત થઈ ગયા. પરંતુ પહેલેથી જ કેટલાક અધિકારીઓ તેના પર નજર રાખી રહ્યા હતા. જ્યારે તેની ઓળખ અને ડોક્યુમેન્ટની તપાસ શરૂ થઈ ત્યારે આખો મામલો ખુલ્લો પડી ગયો. આર્યન અને તેના સાથીઓને તરત જ કસ્ટડીમાં લઈ લેવામાં આવ્યા.

તપાસ દરમિયાન આર્યન વર્માની પાસેથી નકલી બ્રિગેડિયર ઓળખપત્ર, એર પિસ્તોલ, આર્મીની અન્ય વસ્તુઓ અને ગાડી પર લાગેલા ફેક ચિહ્નો મળ્યા. તેની સાથેના બે યુવકો પોતાને NSG કમાન્ડો તરીકે રજૂ કરતા હતા અને ડ્રાઈવર પાસેથી સરકારી ઓળખપત્ર મળ્યું.

પૂછપરછમાં આર્યને કહ્યું કે, તેનું સપનું સેનામાં ડોક્ટર બનવાનું હતું. તેણે NEETની પરીક્ષા આપી પણ સફળ ન થયો. ઘરે આ વાત કહેવાની હિંમત નહોતી. તેની માતાને હૃદયની બીમારી હતી તેથી તેણે તેમને કહી દીધું કે તેની Armed Forces Medical College (AFMC) માં સીલેક્શન થઈ ગયું છે. આ જૂઠાણું છુપાવવા માટે તેણે ધીરે-ધીરે આર્મીની વર્દી, ગાડી પર ઝંડો અને અન્ય સામાન એકત્ર કરવાનું શરૂ કર્યું. તેણે નોઈડા અને ગુરુગ્રામમાંથી આ વસ્તુઓ મેળવી હોવાનો દાવો કર્યો છે. પોલીસ આ તમામ દાવાઓની વધુ તપાસ કરી રહી છે. આ મામલામાં ફરિયાદ નોંધાઈ ગઈ છે અને કાનૂની કાર્યવાહી ચાલુ છે.

આ મામલે સૌથી વધારે ચર્ચા આર્યનની ઉંમરને લઈને થઈ રહી છે. સામાન્ય રીતે સેનામાં બ્રિગેડિયરનું પદ સેનામા લાંબા અનુભવ અને વર્ષો સુધીની સેવા પછી મળે છે. આવી સ્થિતિમાં ૨૧ વર્ષની ઉંમરે કોઈ વ્યક્તિ બ્રિગેડિયરની વર્દી પહેરીને ફરતો હોય એ લોકો માટે ચર્ચાનો વિષય બની ગયો છે.

CO સિટી પંકજ પંતના જણાવ્યા મુજબ, આર્યન વર્માની પૂછપરછ ચાલી રહી છે. તેની પાસેથી એક નકલી પિસ્તોલ અને અન્ય સામાન મળ્યો છે. તેના સાથે રહેલા બે સિક્યુરિટી ગાર્ડ અને એક ડ્રાઈવર પાસેથી પણ પૂછપરછ થઈ રહી છે. પોલીસનું કહેવું છે કે આ મામલામાં ફરિયાદ મળી ગઈ છે. કેસ દાખલ કરીને જરૂરી કાયદેસર કાર્યવાહી કરવામાં આવશે. આગળની તપાસમાં જે પણ તથ્યો સામે આવશે, તેના આધારે કાર્યવાહી કરવામાં આવશે.

# મુસાફરો માટે રેલવેની મોટી રાહત : ટ્રેનમાં રિઝર્વેશન મળ્યું નહીં હોય તો પણ હવે મળી શકે છે કન્ફર્મ ટિકિટ

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૧૪**




ટ્રેનની મુસાફરી કરવા ઈચ્છતા લોકો માટે કન્ફર્મ ટિકિટ મેળવવી એ કોઈ લોટરી લાગવા બરાબર છે. તહેવારો કે વેકેશનના સમયે ટ્રેનમાં રિઝર્વેશન કરાવેલું હોય અને ટિકિટ વેઈટિંગ લિસ્ટમાં જ અટકી પડી હોય ત્યારે મુસાફરોની ચિંતાનો પાર નથી રહેતો. જોકે, હવે વેઈટિંગ લિસ્ટના કારણે મૂંઝવણમાં મુકાયેલા મુસાફરોએ બહુ ચિંતા કરવાની જરૂર નથી. ભારતીય રેલવેની એક ખાસ સુવિધા અંતર્ગત ટ્રેન ઉપડવાના થોડા સમય પહેલાં પણ કન્ફર્મ સીટ મળી શકે છે. રિઝર્વેશન ચાર્ટ તૈયાર થઈ ગયા બાદ પણ ટ્રેનમાં કયા કોચમાં અને કઈ બર્થ (સીટ) ખાલી છે, તેની ચોક્કસ માહિતી મેળવીને મુસાફરો ઓનલાઈન અથવા ઓફલાઈન ટિકિટ મેળવી શકે છે. જોકે, હજુ પણ ઘણા મુસાફરો રેલવેની આ અદભુત સુવિધાથી તદ્દન અજાણ છે.

સામાન્ય રીતે ટ્રેન ઉપડવાના ૪ કલાક પહેલાં ફાઈનલ રિઝર્વેશન ચાર્ટ તૈયાર થતો હોય છે. આ ચાર્ટ બની ગયા બાદ પણ ઘણી સીટો ખાલી રહેતી હોય છે. આ પાછળ મુખ્ય ત્રણ કારણો જવાબદાર છે. છેલ્લી ઘડીએ કોઈ મુસાફર પોતાની કન્ફર્મ ટિકિટ રદ કરાવે ત્યારે. ટિકિટ કન્ફર્મ હોવા છતાં કોઈ કારણસર મુસાફર સ્ટેશને સમયસર ન પહોંચી શકે કે મુસાફરી ન કરે ત્યારે. રેલવેના વિવિધ ક્વોટાની સીટો જે છેલ્લે સુધી ભરાઈ ન હોય. આવી ખાલી પડેલી સીટોની વિગતો રેલવેની સિસ્ટમમાં અપડેટ થાય છે, જેનો લાભ વેઈટિંગ વાળા કે કરંટ બુકિંગ કરાવનારા મુસાફરો લઈ શકે છે. આ સુવિધાનો લાભ લેવા માટે મુસાફરોએ આઈઆરસીટીસી (IRCTC)ની એપ અથવા સત્તાવાર વેબસાઈટનો ઉપયોગ કરવાનો રહેશે. તેની સ્ટેપ-બાય-સ્ટેપ પ્રક્રિયા નીચે મુજબ છે

સૌથી પહેલા IRCTC એપ અથવા વેબસાઈટ ઓપન કરો.

હોમ પેજ પર આપેલા ચાર્ટ વેકેન્સી (Chart Vacancy) વિકલ્પ પર ક્લિક કરો.

જે-તે ટ્રેન નંબર, મુસાફરીની તારીખ અને બોર્ડિંગ સ્ટેશન (જ્યાંથી બેસવાનું હોય તે) ની વિગતો દાખલ કરો.

સિસ્ટમ તમને જે-તે ટ્રેનના ક્લાસ (Third AC, Sleeper વગેરે) મુજબ કોચવાર અને બર્થવાર ખાલી સીટોનું લિસ્ટ બતાવશે.

જો સીટ ઉપલબ્ધ હોય, તો તમે ઓનલાઈન કરંટ બુકિંગ મારફતે અથવા ટ્રેનમાં જઈને સીધા TTE નો સંપર્ક કરીને ટિકિટ કન્ફર્મ કરાવી શકો છો.

આ સુવિધાનો લાભ માત્ર રિઝર્વેશન ચાર્ટ તૈયાર થઈ ગયા બાદ જ લઈ શકાય છે. આ વિકલ્પ નીચેની પરિસ્થિતિઓમાં મુસાફરો માટે સૌથી વધુ ઉપયોગી સાબિત થાય છે:

જ્યારે તમારી વેઈટિંગ ટિકિટ છેલ્લી ઘડી સુધી કન્ફર્મ ન થઈ હોય અને ચાર્ટ બની ગયો હોય.

કોઈ કટોકટીના કારણે તમારે છેલ્લી ઘડીએ (Emergency) મુસાફરી કરવાની ફરજ પડી હોય.

ટ્રેનમાં સીટ મળવાની વાસ્તવિક શક્યતા કેટલી છે તે ચોક્કસપણે જાણવું હોય.

**ખાન સરના કોચિંગ પર ફાયરિંગ કેસના આરોપીનું થયેલું મોત**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**પટણા, તા.૧૪**

બિહારની ચર્ચિત જ્ઞાન બિંદુ કોચિંગના ડાયરેક્ટર રૌશન આનંદના ભાઈ પ્રિન્સના નેપાળમાં શંકાસ્પદ મોત સમાચાર સામે આવી રહ્યા છે. રૌશન આનંદનો ભાઈ પ્રિન્સ ખાન સરની કોચિંગ પર ફાયરિંગના મામલામાં ફરાર ચાલી રહ્યો હતો. તે નેપાળના વિરાટ નગરની એક હોટલમાં છુપાયો હતો જ્યાં તેનું શંકાસ્પદ મોત થયું છે.

તમને જણાવી દઈએ કે, રૌશન આનંદ પટનાની બેઉર જેલમાં બંધ છે. ફૈઝલ ખાન ઉર્ફે ખાન સરની કોચિંગ ખાન ગ્લોબલનું મેનેજમેન્ટ જોતા કન્હૈયાએ રૌશન આનંદ અને પ્રિન્સ પર કોચિંગ પર હુમલો કરવાનો આરોપ લગાવતા FIR નોંધાવી હતી. આ મામલામાં પ્રિન્સ નામજોગ આરોપી હતો. પોલીસ પ્રિન્સની શોધખોળ કરી રહી હતી જે ઘટના બાદથી જ ફરાર હતો. એવામાં હવે તેના મોતના સમાચારથી હોબાળો મચી ગયો છે. જોકે મોતની હજુ સુધી સત્તાવાર પુષ્ટિ થઈ નથી.

ખાન ગ્લોબલ સ્ટડીઝમાં થયેલી તોડફોડની ઘટનાના સંબંધમાં હવે ફૈઝલ ખાન ઉર્ફે 'ખાન સર' પર પણ પ્રાથમિકી (FIR) નોંધવામાં આવી હતી. જે બાદ તેમણે કોર્ટ સમક્ષ સરેન્ડર કર્યું હતું. જોકે કોર્ટે તેમને વચગાળાની રાહત આપતા મુક્ત કર્યા હતા. ખાન ગ્લોબલ સ્ટડીઝ કોચિંગ સંસ્થામાં કથિત રીતે તોડફોડ કરવામાં આવી હતી અને પરિસર પર પથરાવ કરવામાં આવ્યો હતો.

ત્યારબાદ સોશિયલ મીડિયા પર એક વીડિયો વાયરલ થયા પછી પોલીસે કથિત રીતે ગોળી ચલાવવાના આરોપમાં ખાન ગ્લોબલ સ્ટડીઝ કોચિંગ સંસ્થાના બે સુરક્ષા ગાર્ડની ધરપકડ કરી હતી. માહિતી મુજબ, તેમના નિવેદનના આધારે ફૈઝલ ખાનને પણ આરોપી બનાવવામાં આવ્યા હતા.

આ દરમિયાન પટના પોલીસે એક નિવેદન જાહેર કરીને જણાવ્યું હતું કે, કદમકુઆં પોલીસ સ્ટેશન અંતર્ગત ખાન ગ્લોબલ સ્ટડીઝ કોચિંગ સંસ્થા પર પથરાવ અને તોડફોડ કરવામાં આવી હતી.

# હિન્દુ યુવાનની હત્યા બાદ દહેરાદુનમાં ફાટી નીકળી હિંસા

## અનેક ઘરમાં લગાવાઈ આગ, ઈન્ટરનેટ સેવા બંધ : બૈરાગીવાલામાં સેન્ટીગના ભાડા અને ટ્યુબવેલના પાણીના પૈસા મુદ્દે વિવાદ બાદ વિનોદ નામના યુવાનની હથોડા મારીને હત્યા



(સંપૂર્ણ સમાચાર સેવા)

**દહેરાદૂન, તા.૧૪**

ઉત્તરાખંડની રાજધાની દહેરાદૂનના સહસપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા બૈરાગીવાલા ગામમાં એક યુવાનની ક્રૂર હત્યા કરાઈ હતી. આ બાદ સમગ્ર વિસ્તારમાં કોમી વૈમનસ્ય પ્રવર્તે છે. સેંન્ટરીગના સાધનોના ભાડા અને સરકારી ટ્યુબવેલમાંથી પાણીના ઉપયોગ અંગે લાંબા સમયથી ચાલી રહેલા વિવાદને કારણે વિનોદને હથોડા અને તીક્ષ્ણ હથિયારોથી માર મારવામાં આવ્યો હતો. ઘટના બાદ સમગ્ર વિસ્તારમાં ભારે રોષ ફેલાયો છે. બેકાબૂ બનેલ ભીડે અનેક મકાનોને નિશાન બનાવ્યા હતા. જો કે, કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે ભારે પોલીસ દળને તહેનાત કરવામાં આવ્યું છે.

અહેવાલો અનુસાર, મૃતક વિનોદ, રાજેશ અને અશોકને ગામના પૂર્વ સરપંચ ઈસ્તિફાકના ભત્રીજા ઈમ્તિયાઝ સાથે ઝઘડો થયો હતો. ત્યારબાદ, રઝાક, અમન, યુનુસ અને અનીસ સહિત ૨૦ થી ૨૫ લોકોના ટોળાએ કથિત રીતે તીક્ષ્ણ હથિયારો અને હથોડાનો ઉપયોગ કરીને હુમલો કર્યો હતો. હુમલામાં ગંભીર રીતે ઘાયલ થયેલા વિનોદનું હોસ્પિટલમાં મૃત્યુ થયું હતું, જ્યારે અન્ય બે લોકો હાલમાં સારવાર હેઠળ છે.

આ ઘટના અંગે વિનોદના પિતાએ કડક વલણ અપનાવતા, એવી જાહેરાત કરી કે, જ્યા સુધી આરોપીઓના એન્કાઉન્ટર કરવામાં ના આવે અને તેમના ઘર પર બુલડોઝર ફેરવવામાં ના આવે ત્યાં સુધી તેમના પુત્રના અંતિમ સંસ્કાર કરવામાં નહીં આવે. દહેરાદુનમાં હિન્દુ યુવાનની હત્યા કરી નાખવામાં આવી હોવાના સમાચાર વાયુવેગે ફેલાતા બૈરાગીવાલામાં તણાવ ચરમસીમાએ પહોંચી ગયો છે.

ગ્રામજનોએ પોલીસ વહીવટીતંત્ર પ્રત્યે ગુસ્સો વ્યક્ત કર્યો, આરોપ લગાવ્યો કે આરોપીઓ ઘટના પછી પણ મુક્તપણે હરતા ફરતા હતા. દરમિયાન, ગુસ્સે ભરાયેલા ટોળાએ ભારે પથ્થરમારો કરીને અન્ય સમુદાયના ઘરોને નિશાન બનાવ્યા હતા.

આ અથડામણ બાદ ગામમાં કોમી વૈમનસ્ય ફેલાવું છે. એવો આરોપ છે કે ગુસ્સે ભરાયેલા ટોળાએ પહેલા આરોપીઓના ઘરો પર પથ્થરમારો કર્યો અને ત્યારબાદ અનેક ઘરોને આગ લગાડી દીધી. જો કે સમગ્ર વિસ્તારમાં ભારે માત્રામાં પોલીસ દળને તહેનાત કરવામાં આવ્યા છે, અને પરિસ્થિતિ વધુ વણસી ન જાય તે માટે તમામ બાબતો ઉપર બારિકાઈથી નજર રાખવામાં આવી રહી છે. ઉશ્કેરાયેલા ટોળાએ અનેક વાહનોને આગ ચાંપી દેવાનો પણ પ્રયાસ કર્યો. ઘટનાસ્થળે હાજર પોલીસ કર્મચારીઓ પરિસ્થિતિને નિયંત્રણમાં લાવવા અને બેકાબૂ ટોળાને શાંત પાડવાનો પ્રયાસ કરી રહ્યા છે. ગામમાં પોલીસ પેટ્રોલિંગ વધુ વ્યાપક બનાવવામાં આવ્યું છે, અને સુરક્ષા એજન્સીઓ, સમગ્ર પરિસ્થિતિ પર સતત નજર રાખી રહી છે. આ ઘટનાના સંદર્ભમાં ત્રણ આરોપીઓ અને ૨૫ અજાણ્યા વ્યક્તિઓ સામે કેસ નોંધવામાં આવ્યો છે.

# ઓમાનના દરિયામાં હોડી ડૂબી, ૧૪ ભારતીયો સવાર હતા: અમેરિકન નેવીએ તમામને મોતના મુખમાંથી બચાવ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)

**ઓમાન, તા.૧૪**

ઓમાનના રાસ અલ હદ દરિયાકિનારા પાસે દરિયામાં એક હોડી અચાનક ડૂબી ગઈ હતી. આ હોડીમાં ૧૪ ભારતીય નાવિકો સવાર હતા. ત્યારબાદ ત્યાં મોટા પાયે રાહત અને બચાવ અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું. અમેરિકન નૌકાદળે આ કટોકટીની પરિસ્થિતિ વિશે દરિયાકાંઠાના અધિકારીઓ અને ભારતીય નૌકાદળને જાણ કરી હતી, જેના પછી તમામ એજન્સીઓ એલર્ટ મોડ પર આવી ગઈ હતી અને તમામ ૧૪ ભારતીય નાવિકોને સુરક્ષિત રીતે બચાવી લેવામાં આવ્યા હતા.

મળેલી માહિતી અનુસાર, આ ઘટના ૧૪ જૂનની સવારે ઓમાનના રાસ અલ હદથી લગભગ ૮૦ નોટિકલ માઈલ પૂર્વમાં બની હતી. માહિતી મળી હતી કે એક પરંપરાગત હોડી દરિયામાં મુશ્કેલીમાં છે અને તે ડૂબી જવાનું જોખમ છે. આ હોડી પર કુલ ૧૪ ભારતીયો સવાર હતા.

પરિસ્થિતિની ગંભીરતાને જોતા અમેરિકન નૌકાદળનું P-8 દરિયાઈ સર્વેલન્સ વિમાન ઘટનાસ્થળે પહોંચ્યું હતું. વિમાને તાત્કાલિક દરિયામાં એક લાઈફ રાફ્ટ ફેંકી હતી.

અમેરિકન નૌકાદળે તેમની દેખરેખ દરમિયાન જોયું કે હોડી પર સવાર લોકો સુરક્ષિત રીતે લાઈફ રાફ્ટમાં સવાર થઈ ગયા હતા. ત્યારબાદ આસપાસ હાજર જહાજો પાસેથી પણ મદદ માગવામાં આવી હતી. અમેરિકન નૌકાદળના P-8 વિમાને સેન્ટ કિટ્સ એન્ડ નેવિસના ધ્વજવાળા વ્યાપારી જહાજ 'MV Jabal Ali 9'ને રાહત કાર્યમાં સામેલ થવા વિનંતી કરી હતી. આ જહાજ તે સમયે સોહારથી મુંબઈ તરફ જઈ રહ્યું હતું.

સૂત્રોના જણાવ્યા અનુસાર, MV Jabal Ali 9ને તેનો રસ્તો બદલીને સંકટગ્રસ્ત હોડી તરફ મોકલવામાં આવ્યું હતું. જહાજ હાલમાં ઘટનાસ્થળની આસપાસ હાજર છે અને બચાવ અભિયાનમાં સહયોગ આપી રહ્યું છે. આ ઘટનાની જાણ થતાં જ ભારતીય નૌકાદળને પણ એલર્ટ કરી દેવામાં આવ્યું છે. ભારતીય અધિકારીઓ પણ પરિસ્થિતિ પર સતત નજર રાખી રહ્યા છે અને હોડી પર સવાર તમામ ભારતીયોની સુરક્ષા સુનિશ્ચિત કરવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. ઓમાન સ્થિત ભારતીય દૂતાવાસે જણાવ્યું હતું કે આ હોડીના એન્જિનમાં ખામી સર્જાઈ હતી, જેના પછી ક્રૂ મેમ્બર્સ સુરક્ષિત રીતે લાઈફ રાફ્ટમાં ટ્રાન્સફર થઈ ગયા હતા.

### એડવેન્ચર કંપનીની બેદરકારીથી દર્દનાક મોત

# બંજી જમ્પિંગમાં યુવતીને સુરક્ષા દોરડું બાંધ્યા વગરની ફેકી દેવાઈ

## ઘટનાસ્થળેથી ભાગતા ૬ લોકોની ધરપકડ કરવામાં આવી



(સંપૂર્ણ સમાચાર સેવા)

**બ્રાઝિલ, તા.૧૪**

બ્રાઝિલમાં ૨૪ વર્ષની એક યુવતી માટે એડવેન્ચરનો શોખ જ તેના મોતનું કારણ બની ગયો. સોશિયલ મીડિયા પર રીલ અને વીડિયો જોઈને લોકો અવારનવાર ખતરો કે ખિલાડી બનવા નીકળી પડે છે, પરંતુ બ્રાઝિલના સાઓ પાઉલોમાં જે થયું, તેણે દરેક વ્યક્તિને વિચારવા મજબૂર કરી દીધા છે. એક એડવેન્ચર કંપનીની રૂંવાડા ઉભા કરી દે તેવી બેદરકારીના કારણે યુવતી બંજી કોર્ડ (સુરક્ષા દોરડું) બાંધ્યા વિના જ ૩૫ મીટરની ઊંચાઈ પરથી નીચે કૂદી ગઈ અને તેનું ઘટનાસ્થળે જ દર્દનાક મોત નીપજ્યું.

આ અકસ્માત સાઓ પાઉલો રાજ્યના લિમેઈરા અને કોર્ડેઈરોપોલિસ શહેરોને જોડતા 'પોન્ટે ડો એસ્કેલેટો' પર થયો હતો. આ પુલ છેલ્લા અંદાજે ત્રણ દાયકાથી બંધ પડ્યો છે, પરંતુ હાલના દિવસોમાં તે એડવેન્ચરના શોખીનો અને પ્રવાસીઓ માટે એક મનપસંદ સ્પોટ બની ગયો હતો. સૌથી આશ્ચર્યજનક બાબત એ છે કે આ જગ્યા પર સરકાર અથવા કોઈ સત્તાવાર સંસ્થાની કોઈ દેખરેખ કે સુરક્ષા રેગ્યુલેશન લાગુ નથી.

સ્થાનિક મીડિયા અહેવાલો અનુસાર, મૃતક મારિયા એડ્યુઆર્ડા રોડ્રિગ્સ ડી ફ્રીટાસે આ ખતરનાક બંજી જમ્પ અને તેનો વીડિયો શૂટ કરાવવા માટે 'એન્ટ્રે કોર્ડાસ' નામની એક ખાનગી કંપનીને અંદાજે ૨૯૦ ડૉલર (લગભગ ૨૪,૫૦૦ રૂપિયા) ચૂકવ્યા હતા. તેને શું ખબર હતી કે જે વીડિયોને તે પોતાની યાદોમાં સમેટવા માંગતી હતી, તે જ તેની જિંદગીનો છેલ્લો વીડિયો સાબિત થશે.

પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, યુવતી પહેલા અન્ય ત્રણ લોકોએ ત્યાંથી જમ્પ લગાવ્યો હતો, જેઓ સુરક્ષિત રહ્યા હતા.

પરંતુ જ્યારે આ છોકરીનો વારો આવ્યો, ત્યારે ત્યાં હાજર ક્રૂ મેમ્બર્સે સુરક્ષા નિયમોને સંપૂર્ણપણે નેવે મૂકી દીધા. પ્રત્યક્ષદર્શીઓનું કહેવું છે કે આ ઘોર બેદરકારીનો મામલો છે. ક્રૂ મેમ્બર્સે યુવતીને ધક્કો મારતા પહેલા પ્રાથમિક સુરક્ષા તપાસ પણ ન કરી અને એ ચેક કરવાનું ભૂલી ગયા કે તેનું સુરક્ષા દોરડું યોગ્ય રીતે બંધાયેલું છે કે નહીં.

પુલ પર હાજર અન્ય પ્રવાસીઓએ જ્યારે આ આખી ઘટનાને પોતાના કેમેરામાં રેકોર્ડ કરી, ત્યારે ત્યાંનો નજારો ખૂબ જ ભયાનક હતો. ત્રણ લોકો યુવતીને ઉચકે છે જેમાંથી બે લોકો બ્રિજના છેડે જઈ તેને પુલ નીચે ફેંકી દે છે. ત્યાં ઉભેલા લોકોને તરત જ સમજાઈ ગયું કે તેના પગ કે શરીર સાથે કોઈ દોરડું જોડાયેલું જ ન હતું. જોતજોતામાં સમગ્ર વિસ્તારમાં ચીસાચીસ થઈ ગઈ. છોકરી સીધી ૩૫ મીટર (અંદાજે ૧૧૫ ફૂટ) નીચે જઈ પડી. ચોંકાવનારી બાબત એ છે કે કંપનીના ઈન્સ્ટ્રક્ટર્સને પોતાની આ ભયાનક ભૂલનો અહેસાસ ત્યારે થયો, જ્યારે છોકરી નીચે પડી ચૂકી હતી.

અકસ્માત બાદ તરત જ ત્યાં હાજર સ્ટાફના હાથ-પગ ફૂલી ગયા. પ્રત્યક્ષદર્શીઓએ જણાવ્યું કે ભૂલનો અહેસાસ થતાં જ આરોપી ઈન્સ્ટ્રક્ટર્સ અને સ્ટાફ ત્યાંથી ભાગવાની ફિરાકમાં હતા. તેઓ ઘટનાસ્થળેથી નીકળવાનો પ્રયાસ કરી જ રહ્યા હતા કે સ્થાનિક પોલીસે તેમને ઘેરી લીધા અને રોકી દીધા. કેટલાક મીડિયા અહેવાલોમાં દાવો કરવામાં આવી રહ્યો છે કે અત્યાર સુધીમાં ૬ લોકોની ધરપકડ કરવામાં આવી છે.




### ફિલ્મ આવતા વર્ષે રિલિઝ થશે

# સઇ માંજરેકર અને રાઘવ જુયાલ હોરર ફિલ્મ 'ઇકાઇ'માં જોવા મળશે




## ઇકાઈ એક બિલકુલ વાસ્તવિક અને ઘણી તીવ્ર અને ઉગ્ર લાગણીઓથી ભરેલી ફિલ્મ હશે

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

સઈ માંજરેકર હવે રાઘવ જુયાલ સાથે બિલકુલ નવા જોનરની ફિલ્મમાં અને તીવ્ર લાગણીઓ સાથેની ફિલ્મમાં કામ કરવાની છે. તે મસાલા ફિલ્મોથી લઈને હવે ધીરે ધીરે પર્ફોર્મન્સ ડ્રિવન રોલ તરફ આગળ વધી રહી છે. તેણે કહ્યું કે, આ ફિલ્મે તેની પાસેથી ઘણું માગ્યું છે અને તેની ફિલ્મી કેરિઅરનો સોથી મહત્વનો અનુભવ રહ્યો છે.



આ ફિલ્મ અંગેના અનુભવ વિશે સઈ કહે છે, "મેં અત્યાર સુધીમાં કામ કર્યું છે એમાં ઈકાઈ સૌથી વધુ પડકારજનક ફિલ્મ રહી છે. આ ફિલ્મમાં મારે ઈમોશનલી અને સાઈકોલોજિકલી ઘણું આપવું પડ્યું છે. એવા ઘણા સીન હતા, જેમાં પ્રક્રિયા દરમિયાન મારે મારી જાતને ખરેખર મારા કમ્ફર્ટઝોનમાંથી બહાર ધકેલવી પડી હતી કારણ કે ઘણા સીનમાં બહુ જ વાસ્તવિક અને તીવ્ર લાગણીઓ રજુ કરવાની હતી."

આગળ તેણે કહ્યું, "એક એક્ટર તરીકે તમે હંમેશા તમારી જાતને વધુ પડકારવા માગો છો અને તમે પહેલાં ક્યારેય નથી કર્યું એવું કામ કરો અને આ ફિલ્મે મારી પાસે એવું જ કામ લીધું છે. ઘણી વખત હું થાકી જતી હતી, છતાં તેનાથી બહુ જ સંતોષ થાય છે, એ જ તમને એક એક્ટર તરીકે આગળ વધવામાં મદદ કરે છે."

સાઈએ વધુમાં જણાવ્યું કે, આ ફિલ્મે અભિનય અને ભાવનાત્મક તૈયારી પ્રત્યેની તેની સમજણને સંપૂર્ણપણે બદલી નાખી છે. તેણે કહ્યું, "હું શીખી કે ઘણી વખત મૌન, નબળાઈ અને લાગણીઓની શાંત અભિવ્યક્તિ નાટકીય અભિનય કરતાં વધુ અસરકારક સાબિત થઈ શકે છે. આ ફિલ્મ સતત તેનાં પાત્રોને ભાવનાત્મક રીતે ખુલ્લા અને સંવેદનશીલ રાખે છે અને એ જ નિખાલસતા હોરરને વધુ વાસ્તવિક બનાવે છે. મને ખરેખર લાગે છે કે 'ઈકાઈ'માં દર્શકો મને એકદમ નવા અને અલગ અંદાજમાં જોશે અને એ જ બાબત મને સૌથી વધુ ઉત્સાહ આપે છે."

ફિલ્મ વિકાસ બહલ પ્રોડ્યુસ કરી રહ્યા છે, જ્યારે તેનું ડિરેક્શન રાજ સિંહ ચૌધરી કરી રહ્યા છે. હાલમાં ફિલ્મનું શૂટિંગ ચાલી રહ્યું છે અને તે આગામી વર્ષની શરૂઆતમાં રિલીઝ થવાની અપેક્ષા છે.

# વીરદાસની હોરર ફિલ્મ બારા નંબરમાં શ્રિયા પિલગાંવકરની એન્ટ્રી



(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

સચીનની પુત્રી શ્રિયાએ ૨૦૧૩માં તેની કારકિર્દીની શરૂઆત કરી હતી પણ હવે તેનું સ્થાન ફિલ્મ ઉદ્યોગમાં મજબૂત બનતું જાય છે. શ્રિયા પિલગાંવકર હવે વીર દાસની આગામી હોરર ફિલ્મ 'બારા નંબર'માં જોવા મળશે. કવિ શાસ્ત્રીના સહનિર્માણમાં બની રહેલી આ ફિલ્મમાં નવતર ફાઉન્ડ ફૂટેજ સ્ટાઈલનો પ્રયોગ કરવામાં આવશે. આ ફિલ્મમાં હીરો વીર દાસ છે જ્યારે હિરોઈન શ્રિયા પિલગાંવકર બનશે. આ ફિલ્મમાં શીબા ચઢ્ઢા, અરૂણોદય સિંહ, અહસાસ ચન્ના અને અતુલ કુલકર્ણી પણ મહત્વની ભૂમિકાઓમાં જોવા મળશે. ફિલ્મની સ્ટોરી અને શ્રિયાની ભૂમિકા વિશે વધુ માહિતી જારી કરવામાં આવી નથી. શ્રિયા પિલગાંવકરની આ વર્ષમાં ત્રણ મોટી ફિલ્મો આવી છે. પ્રિયદર્શનની ફિલ્મ 'હૈવાન'માં તે અક્ષયકુમાર અને સૈફ અલીખાન સાથે જોવા મળી હતી. એ પછી 'મિર્ઝાપુરઃ ધ ફિલ્મ'માં પણ તેની મહત્વની ભૂમિકા છે. અને હવે શ્રિયા 'બારા નંબર' નામની હોરર ફિલ્મમાં કામ કરી પોતાનું સ્થાન ફિલ્મ જગતમાં મજબૂત કરશે.

### આ મહિનાના અંતે કેમિયોનું શૂટિંગ કરશે

# રજનીકાન્તની જેલર ટુમાં હૃતિક રોશનનો કેમિયો કન્ફર્મ

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

રજનીકાન્તની આગામી ફિલ્મ 'જેલર ટુ'માં હૃતિક રોશન હશે કે કેમ તેવી તમામ અટકળોનો અંત આવી ગયો છે. આખરે એક ખાસ પાત્રમાં કામ કરવા માટે હૃતિક રોશન તૈયાર થઈ ગયો છે. 'જેલર ટુમાં ફિલ્મ જગતની અનેક હસ્તીઓ વિવિધ ભૂમિકાઓમાં જોવા મળશે. અત્યાર સુધીમાં આ ફિલ્મમાં મોહનલાલ, શિવા રાજકુમાર, વિજય સેતુપતિ અને મિથુન ચક્રવર્તિની ભૂમિકાઓ નક્કી થઈ ચૂકી છે. નેલ્સન દિલિપ કુમાર નિર્દેશિત 'જેલર ટુ' ફિલ્મ સપ્ટેમ્બર ૨૦૨૬માં સિનેમાઘરોમાં રજૂ થવાની ગણતરી છે. આ ફિલ્મમાં રામ્યા કૃષ્ણન, વિદ્યા બાલન અને યોગી બાબુ પણ મહત્વની ભૂમિકાઓ ભજવી રહ્યા છે.




અગાઉ હૃતિક રોશને બાળ કલાકાર તરીકેની તેની પ્રથમ ફિલ્મ 'ભગવાનદાદા'માં રજનીકાન્તના દત્તક પુત્રની ભૂમિકા ભજવી હતી. ૧૯૮૬માં આવેલી આ એક્શન ફિલ્મમાં હૃતિક રોશને બાળકલાકાર તરીકે પહેલી જ ફિલ્મમાં રજનીકાન્ત સાથે કામ કર્યું હતું. એ પછી વર્ષો સુધી હૃતિક રોશને રજની કાન્ત સાથે કામ કરવાની ઈચ્છા અવારનવાર વ્યક્ત કરી હતી. હવે એ ઈચ્છા પુરી થવા જઈ રહી છે. ચેન્નાઈમાં બાવીસ અને ત્રેવીસ જુને આ કેમિયોની સિકવન્સનું શૂટિંગ કરવામાં આવશે.

### શોની નવી સીઝન હવે ૨૧ સપ્ટમ્બરે આવશે

# સલમાન પૈડીપલ્લીની ફિલ્મ સાથે બિગબોસ ૨૦ પણ કરશે

## શો માટેના ઓડિશન અને સેલેબ્રિટીઝનું શોર્ટલિસ્ટિંગ શરૂ થઈ ગયું છે. કાસ્ટિંગ ટીમ ફરી વખત ટીવીની જાણીતા ચહેરાઓના સંપર્કમાં લાગી ગઈ

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

સલમાન વધુ એક વખત બિગબોસ ૨૦ના હોસ્ટ તરીકે પાછો ફરશે, આ શોની નવી સીઝન હવે ૨૧ સપ્ટમ્બરે આવવાની છે. સલમાન હાલ એક તરફ વમાશી પૈડીપલ્લીની ફિલ્મમાં વ્યસ્ત છે, બીજી તરફ તેની માતૃભૂમિ પણ અટકેલી છે, ત્યારે તેના માટે હવે બિગબોસનું કામ પણ બેલેન્સ કરવું પડે એવી સ્થિતિ છે.




સલમાન ઈચ્છે છે કે આ ફિલ્મનું શૂટિંગ શરૂ કરે તે પહેલાં તે આ એક્શન થ્રિલર ફિલ્મનો મોટો ભાગ શૂટ કરી લેવા માગે છે, જેમાં તેની સાથે નયનતારા પણ લીડ રોલમાં છે. આ અંગેના અહેવાલો મુજબ સલમાનની ટીમ ખુબ ધ્યાનથી તેનું શીડ્યુલ ગોઠવી રહી છે, જેથી તેનું શૂટ પણ કોઈ જ પ્રકારના વિલંબ વિના થઈ શકે અને છતાં સલમાન પાસે તેના શો બિગબોસ માટે પણ પુરતો સમય રહે.

બિગબોસ ઈન્ડિયન ટેલિવિઝનનાં સૌથી લોકપ્રિય શોમાંનો એક છે, જે સૌથી વધુ જોવાય છે, તેમાં પણ ખાસ કરીને સલમાનને કારણે આ શો સૌથી વધુ જોવાય છે. આ શોની આગળની સીઝનમાં ગૌરવ ખન્ના, ફરહાના ભટ્ટ, અમાલ મલિક, તાન્યા મિત્તલ અને બસીર અલી જેવા લોકોએ ભાગ લીધો હતો અને હવે ૨૦મી સીઝનમાં મેકર્સ ઈચ્છે છે કે આ શો પહેલાંની બધી સીઝન કરતાં પણ વધુ મોટા સ્તર પર બને. આ શો માટેના ઓડિશન અને સેલેબ્રિટીઝનું શોર્ટલિસ્ટિંગ શરૂ થઈ ગયું છે. કાસ્ટિંગ ટીમ ફરી વખત ટીવીની જાણીતા ચહેરાઓના સંપર્કમાં લાગી ગઈ છે અને વિવિધ સોશિયલ મીડિયા પ્લેટફર્મ અને રિયાલિટી શોના જાણીતા લોકોનો પણ સંપર્ક થઈ રહ્યો છે. કારણ કે હવે મેકર્સ વધુ સંખ્યામાં યુવા ઓડિયન્સને પણ ટાર્ગેટ કરવા માગે છે. જો કે, આ સીઝનમાં ઘરના સભ્યો માટે કેવા પડકારો આવશે અને કેવા વળાંક આવશે તે અંગે તો શોના પ્રીમિયર વખતે જ જાહેર કરવામાં આવશે. આ ઉપરાંત હવે અન્ય ચેનલમાં પણ આ પ્રકારના જોનરના શો આવી રહ્યા છે, તેથી હવે બિગબોસના મેકર્સ સામે પોતાનું ટાર્ગેટ ઓડિયન્સ જાળવી રાખવાનો પણ પડકાર છે.

વાપી ખાતે કેન્દ્ર સરકારના સફળ ૧૨ વર્ષ નિમિત્તે

# રાજ્યના નાણાં મંત્રી કનુભાઈ દેસાઈના અધ્યક્ષ સ્થાને 'વિકસિત ભારત સંકલ્પ સંમેલન' યોજાયું





**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો) વાપી, તા.૧૪**

દેશના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સક્ષમ નેતૃત્વ હેઠળ કેન્દ્ર સરકારના વિશ્વાસ, વિકાસ અને લોકકલ્યાણના સફળ ૧૨વર્ષ પૂર્ણ થવાના અવસરે, ગુજરાત પ્રદેશ ભાજપ પ્રમુખ શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા, સંગઠન મહામંત્રી શ્રી રત્નાકરજી, તેમજ પ્રદેશ ભાજપ મહામંત્રી અને દક્ષિણ ગુજરાતના પ્રભારીશ્રી પ્રશાંતભાઈ કોરાટના વિશેષ માર્ગદર્શન અને સૂચના હેઠળ આજરોજ વાપીના શ્રી કનુભાઈ દેસાઈ ઓડિટોરિયમ ખાતે એક ભવ્ય વિકસિત ભારત સંકલ્પ સંમેલનનું આયોજન ગુજરાત સરકારના નાણાં મંત્રી શ્રી કનુભાઈ દેસાઈના અધ્યક્ષ સ્થાને, આદિજાતિ વિભાગના કેબિનેટ મંત્રી અને વલસાડ જિલ્લાના પ્રભારી મંત્રીશ્રી નરેશભાઈ પટેલ, લોકસભાના દંડક, વલસાડ-ડાંગના સાંસદ શ્રી ધવલભાઈ પટેલ, વલસાડ જિલ્લા ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ શ્રી હેમંતભાઈ કંસારા, પ્રદેશ ઉપાધ્યક્ષ અને ધરમપુરના ધારાસભ્ય શ્રી અરવિંદભાઈ પટેલ, પ્રદેશ મંત્રી શ્રીમતી સોનલબેન સોલંકી (જૈન), વલસાડ જિલ્લા ભાજપના પ્રભારી શ્રી વિનયભાઈ શુક્લ, પ્રદેશ એસ.ટી. મોરચાના મહામંત્રી શ્રી મહેન્દ્રભાઈ ચૌધરી, જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી હેતલબેન પટેલ ઉમરગામના ધારાસભ્ય શ્રી રમણભાઈ પાટકર, કપરાડાના ધારાસભ્ય શ્રી જીતુભાઈ ચૌધરીની વિશેષ ઉપસ્થિતિમાં યોજાયો હતો

વિકાસ યાત્રાની વિસ્તૃત ચર્ચા : આ સંમેલન દરમિયાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશ અને ગુજરાતમાં થયેલા અભૂતપૂર્વ વિકાસ કાર્યો, જનકલ્યાણકારી યોજનાઓ અને દેશના સર્વાંગી વિકાસની વિગતો ઉપસ્થિત જનમેદની સમક્ષ રજૂ કરવામાં આવી હતી. વક્તાઓએ કેન્દ્ર સરકારની નીતિઓ અને તેનાથી સામાન્ય નાગરિકોના જીવનમાં આવેલા સકારાત્મક બદલાવને બિરદાવ્યો હતો

આ સંમેલનમાં વલસાડ જિલ્લા ભારતીય જનતા પાર્ટીના મહામંત્રીશ્રીઓ શ્રી કમલેશભાઈ પટેલ, શ્રી નિખિલભાઈ ચોકસી, વાપી મહાનગરપાલિકાના મેયર શ્રીમતી દક્ષાબેન પટેલ, ડેપ્યુટી મેયર શ્રી મિતેશભાઈ દેસાઈ, સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન શ્રી સતિષભાઈ પટેલ સહિત મોટી સંખ્યામાં ભાજપના પદાધિકારીઓ, કાર્યકર્તાઓ અને સ્થાનિક નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા અને આગામી સમયમાં 'વિકસિત ભારત'ના સંકલ્પને સાકાર કરવા માટે કટિબદ્ધતા વ્યક્ત કરી હતી.

# સાંસદ ધવલભાઈ પટેલના સઘન પ્રયાસો રંગ લાવ્યા: મુંબઈ-સુરત ફ્લાઈંગ રાણી એક્સપ્રેસને ઉમરગામ સ્ટેશન પર ઐતિહાસિક સ્ટોપેજ

**લોકસભાના દંડક, વલસાડ-ડાંગના સાંસદ ધવલભાઈ પટેલ, ભાજપ જિલ્લા પ્રમુખ હેમંતભાઈ કંસારા અને ડી.આર.એમ. પ્રકાશ, ઉમરગામના ધારાસભ્ય રમણભાઈ પાટકરની ઉપસ્થિતિમાં ટ્રેનને લીલીઝંડી બતાવી પ્રસ્થાન કરાવાયું**





**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો) વાપી, તા.૧૪**

રેલવે મંત્રાલય દ્વારા મુંબઈ અને સુરત વચ્ચે દોડતી પશ્ચિમ રેલવેની અત્યંત પ્રતિષ્ઠિત ટ્રેન 'ફ્લાઈંગ રાણી એક્સપ્રેસને ઉમરગામ રેલવે સ્ટેશન પર કાયમી સ્ટોપેજ મંજૂર કરવામાં આવ્યું છે. લોકસભાના દંડક અને વલસાડ-ડાંગ સંસદીય વિસ્તારના લોકપ્રિય સાંસદ શ્રી ધવલભાઈ પટેલે કેન્દ્રીય રેલ મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવને રૂબરૂ મુલાકાત કરી સતત અને સઘન પ્રયાસાના પરિણામે રેલવે મંત્રાલયે આ મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. જે અંતર્ગત ગત ૧૩ જૂન, ૨૦૨૬ના રોજ મુંબઈ સેન્ટ્રલથી સુરત તરફ જતી આ એક્સપ્રેસ ટ્રેનને ઉમરગામ રેલવે સ્ટેશન ખાતે તેનું પ્રથમ ઐતિહાસિક સ્ટોપેજ મળ્યું હતું. આ ઐતિહાસિક ક્ષણને વધાવવા અને સાંસદશ્રીનો આભાર વ્યક્ત કરવા માટે ઉમરગામ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન દ્વારા એક ભવ્ય 'સાંસદ અભિવાદન કાર્યક્રમ'નું આયોજન કરવામાં આવ્યું હતું.

શનિવારે સાંજે ઉમરગામ રેલવે સ્ટેશન ખાતે આયોજિત ભવ્ય સમારોહમાં લોકસભાના દંડક અને સાંસદ શ્રી ધવલભાઈ પટેલ, વલસાડ જિલ્લા ભારતીય જનતા પાર્ટીના પ્રમુખશ્રી હેમંતભાઈ કંસારા વેસ્ટર્ન રેલ્વેના ડિવિઝનલ રેલવે મેનેજર (DRM) શ્રી પ્રકાશ સિંહ, ઉમરગામના ધારાસભ્ય શ્રી રમણભાઈ પાટકર, વલસાડ જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી હેતલબેન પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. સાંજે સાંસદ શ્રી ધવલભાઈ પટેલ અને અન્ય મહાનુભાવોએ ટ્રેનને લીલી ઝંડી બતાવી આગળની સફર માટે પ્રસ્થાન કરાવ્યું હતું. આ પ્રસંગે સ્ટેશન પરિસર 'ભારત માતા કી જય' અને રેલવે પ્રશાસન તેમજ સાંસદશ્રીના સમર્થનના નારાઓથી ગુંજી ઉઠયું હતું.

ઉમરગામ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનના પદાધિકારીઓએ જણાવ્યું હતું કે, આ સ્ટોપેજ માટે વર્ષોથી માગણી ચાલી રહી હતી, જેને સાંસદ શ્રી ધવલભાઈ પટેલે દિલ્હી કક્ષાએ સચોટ રજૂઆત કરીને સાકાર કરી બતાવી છે. એસોસિએશન દ્વારા સાંસદશ્રીનું શાલ ઓઢાડી અને પુષ્પગુચ્છ આપી ભાવભીનું સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે વલસાડ જિલ્લા ભારતીય જનતા પાર્ટીના મહામંત્રી શ્રી કમલેશભાઈ પટેલ, જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ શ્રી શૈલેષભાઈ પટેલ, જિલ્લા ભાજપ ઉપપ્રમુખ શ્રી નરેશભાઈ વળવી, પૂર્વ મહામંત્રી અને વલસાડ તાલુકાના પ્રભારી શ્રી શિલ્પેશભાઈ દેસાઈ, પ્રદેશ યુવા મોરચાના કોષાઅધ્યક્ષ શ્રી ધ્રુવીનભાઈ પટેલ, ઉમરગામ શહેર ભાજપ પ્રમુખ શ્રી મયંકભાઈ પ્રેસવાલા, ઉમરગામ નગરપાલિકાના પ્રમુખ શ્રીમતી ખુશ્બુબેન જાદવ, તાલુકા પંચાયત પ્રમુખ શ્રી સંતોષભાઈ વળવી, ઉમરગામ તાલુકા પંચાયતના ઉપપ્રમુખ શ્રી હાર્દિકભાઈ શાહ, કારોબારી અધ્યક્ષ શ્રી મનીષભાઈ, ડી.આર. યુ.સી.સી. મેમ્બરશ્રીઓ શ્રી પ્રકાશભાઈ પટેલ, શ્રી આશિષભાઈ શાહ,યુ.આઈ.એ.ના પ્રમુખ શ્રી ગુપ્તા સહિત ભાજપના સ્થાનિક આગેવાનો, રેલવેના ઉચ્ચ અધિકારીઓ, ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનના હોદ્દેદારો, વેપારી મંડળના સભ્યો સહિત વિશાળ સંખ્યામાં ઉમરગામની જનતા અને રેલવે મુસાફરો ઉપસ્થિત રહ્યા હતા અને મોં મીઠું કરાવીને આ ખુશીની ઉજવણી કરી હતી.

# વાપી હરિયાપાર્કમાં ચાલતા આંતરરરાષ્ટ્રીય ગેરકાયદેસર કોલ સેન્ટરનો મુખ્ય સુત્રધાર ઝડપાયો



**રેડ વખતે બે મહિલા સહિત ૧૧ની ધરપકડ કરાઈ હતી : સુત્રધાર રાજ વિઠ્ઠલ ઢોલર મહારાષ્ટ્રથી ઝડપાયો**

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો) વાપી, તા.૧૪**

બે દિવસ પહેલા વાપી હરિયાપાર્ક ડુંગરા વિસ્તારમાં એક બંગલામાં એસ.ઓ.જી.એ રેડ પાડીને આંતરરાષ્ટ્રીય ગેરકાયદેસર ચાલતા કોલ સેન્ટરનો પર્દાફાશ કર્યો હતો. રેડ દરમિયાન બે મહિલા મળી કુલ ૧૧ આરોપીની પોલીસે ધરપકડ કરી હતી. પરંતુ મુખ્ય સુત્રધાર ફરાર હતો. પોલીસે ગણતરીના કલાકમાં મુખ્ય સુત્રધારને મહારાષ્ટ્રમાંથી ઝડપી પાડી જેલ ભેગો કર્યો છે.

હરિયાપાર્કમાં ઝડપાયેલા કોલ સેન્ટરના આરોપીની સઘન પુછપરછમાં મુખ્ય સુત્રધારની વિગતો બહાર આવી હતી. તે મુજબ એસ.ઓ.જી.ની ટીમ મુંબઈ મહારાષ્ટ્ર તપાસ માટે ઉપડી ગઈ હતી. જેમાં પોલીસને સફળતા મળી છે વાપીના કોલ સેન્ટરના સંચાલિત કરનાર મુખ્ય સુત્રધાર રાજ વિઠ્ઠલ ઢોલર મહારાષ્ટ્રને પોલીસે ઝડપી પાડી ધરપકડ કરી છે. આરોપી રાજેશ ઉર્ફે રાજ ઢોલર ઘણા વર્ષોથી વિવિધ શહેરોમાં ચાલતા ગેરકાયદેસરના કોલ સેન્ટરો સાથે સંકળાયેલ હોવાનું તપાસમાં ખુલ્લુ છે.

વધુ ચોંકાવનારી વિગતોમાં વિદેશી નાગરિકોને નિશાન બનાવી ગિફ્ટ કાર્ડ અને ક્રિપ્ટોકરન્સીની મારફતે છેતરપીંડી કરવામાં આવતી હતી. ટ્રસ્ટ વોલેટ મારફતે ડોલરમાં લેવડદેવડની થતી હોવાનું બહાર આવ્યું હતું. એસ.ઓ.જી.એ સમગ્ર રેકેટનો પર્દાફાશ ટેક્નીકલ અને હ્યુમન ઈન્ટેલિજન્સના આધારે કર્યો છે. હજુ વધુ આગળની તપાસ ચાલુ છે.

# વાપીના છરવાડામાં બહેન સાથે મિત્રતાના મામલે યુવક ઉપર જીવલેણ હુમલો

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો) વાપી, તા.૧૪**

વાપી શહેરના છરવાડા વિસ્તારમાં બહેન સાથે મિત્રતા રાખવાના મુદ્દે એક યુવક પર જીવલેણ હુમલો કરવામાં આવ્યો હોવાનો બનાવ પ્રકાશમાં આવ્યો છે.આ અંગે વાપી જી.આઈ.ડી.સી. પોલીસ મથકે ત્રણ શખ્સો સામે ભારતીય ન્યાય સંહિતા(BNS)ની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ ફરિયાદ મુજબ, વાપીના છરવાડા રામવાડી વિસ્તારમાં રહેતા સમીર મનોજભાઈ શર્માએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે ૧૨ જૂનના રોજ સાંજના સમયે તેઓ પોતાના મિત્ર સાથે ઉભા હતા ત્યારે ત્રણ શખ્સો ત્યાં આવી પહોંચ્યા હતા. આરોપીઓએ ફરિયાદીને તેની બહેન સાથે મિત્રતા રાખવા બાબતે તકરાર કરી ગાળો બોલી હતી અને ત્યારબાદ મારપીટ કરી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી.

ફરિયાદના આધારે પોલીસે રાહુલ કમલેશ ચૌધરી, વિકાસ હરેશ ચૌધરી અને અનિલ મણીરામ પ્રજાપતિ સામે ગુનો નોંધ્યો છે. પ્રાથમિક તપાસમાં આરોપીઓએ એકજૂથ થઈ હુમલો કર્યો હોવાનું સામે આવ્યું છે. વાપી જી.આઈ.ડી.સી. પોલીસે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ ૧૧૫(૨), ૩૫૧(૩), ૩૫૨ અને ૫૪ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે. કેસની તપાસ પોલીસ કોન્સ્ટેબલ દ્વારા હાથ ધરવામાં આવી રહી છે.

ઘટનાને પગલે સ્થાનિક વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. પોલીસે આરોપીઓની ભૂમિકા, ઘટનાના ચોક્કસ કારણો અને અન્ય સંજોગોની તપાસ શરૂ કરી હોવાનું જાણવા મળ્યું છે.

# ઉમરગામ મામલતદાર આત્મહત્યા કેસ 'એફએસએલ રિપોર્ટ'ના વિલંબ વચ્ચે જાગેલી ન્યાયની આશા

**રેલવે પોલીસ દ્વારા યુવાશક્તિ સંગઠનના પ્રમુખ મિતેશ પટેલનું લેવામાં આવેલું નિવેદન બાદ મામલતદાર પર દબાણ લાવનારા બે નકાબ થવાના સંકેત**

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) સરીગામ, તા.૧૪**

તાજેતરમાં યોજાયેલી જિલ્લા અને તાલુકા પંચાયતની ચૂંટણીમાં ફોર્મ ચકાસણી પ્રક્રિયા દરમિયાન સર્જાયેલા ભારે રાજકીય દબાણ અને માનસિક તણાવને કારણે ઉમરગામના નિષ્ઠાવાન મામલતદાર સ્વ.ડી.સી. બ્રાહ્મણકાછે ટ્રેન નીચે પડતું મૂકી આપઘાત કર્યો હતો. આત્મહત્યાનો ભોગ બનનાર મામલતદાર અનુસૂચિત જનજાતિ વર્ગના હતા. અને હાઈ વૉલ્ટેજ પરિસ્થિતિનું નિર્માણ કરનારી તાલુકા પંચાયતની બેઠક સરીગામ-૨ સામાન્ય બેઠક હતી. આ બેઠક ઉપર તાલુકા તેમજ જિલ્લા લેવલના રાજકીય આગેવાનોની નજર હતી. આ દુષ્પ્રેરણાના મામલે યોગ્ય તપાસ અને ન્યાય માટે યુવા શક્તિ વિકાસ સંગઠનના પ્રમુખશ્રી મિતેશભાઈ પટેલે આયોગ સહિત ઉચ્ચ સ્તરે રજૂઆત કરી હતી.

આ કેસની કાનૂની તપાસના ભાગરૂપે ગતરોજ રેલવે વિભાગના ડીવાયએસપી ડી. એચ. ગોર દ્વારા શ્રી મિતેશભાઈ પટેલનું સત્તાવાર સ્ટેટમેન્ટ નોંધવામાં આવ્યું છે. જોકે, ઘટનાના સીસીટીવી વિડીયો ફૂટેજ, ઓડિયો ક્લિપ અને મોબાઈલ કોલ રેકોર્ડિંગના અહેવાલો હજુ ફોરેન્સિક સાયન્સ લેબ પાસેથી મળ્યા ન હોવાથી તપાસમાં થોડો વિલંબ થઈ રહ્યો છે તેમ છતાં, તાજેતરની આ કાર્યવાહી બાદ સ્થાનિક પ્રજા અને આદિવાસી સમાજમાં ન્યાય મળવાની આશા પ્રબળ બની છે અને મામલતદાર પર દબાણ લાવનાર રાજકીય કે સ્થાનિક આગેવાનો ટૂંક સમયમાં જ બેનકાબ થશે તે નક્કી છે.

# વલસાડમાં રાત્રે તિથલ રોડ યુનિયન બેંક કમ્પાઉન્ડ અને રાખોડીયા તળાવ વિસ્તારમાં આગના બે બનાવ બન્યા



**આગથી કોઈ જાનહાની થઈ નથી પરંતુ બન્ને સ્થળોએ અફરાતફરી સર્જાઈ હતી**

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો) વાપી, તા.૧૪**

વલસાડ શહેરમાં શનિવારે રાત્રે આગ લાગવાના જુદા જુદા વિસ્તારોમાં બે બનાવ બન્યા હતા. આગમાં દાઝયા કે કોઈની જાનહાની થવા પામી નથી.

વલસાડ તિથલ રોડ ઉપર આવેલ યુનિયન બેંકના કમ્પાઉન્ડમાં રાત્રે અચાનક ભીષણ આગ ભભૂકી ઉઠી હતી. લોકો એકઠા થઈ જતા પોલીસ ફાયરને જાણ કરી હતી. ફાયર બ્રિગેડે ઘટના સ્થળે પહોંચીને આગ બુઝાવી દીધી હતી.

બીજો બનાવ પણ શનિવારે રાત્રે બન્યો હતો. રાખોડીયા તળાવના જંગલ જેવા વિસ્તારમાં પણ છૂટી છવાઈ આગ લાગી હતી. અહીં પણ ફાયર વિભાગે આગ બુઝાવી હતી. બન્ને આગના બનાવના કારણ અકબંધ રહ્યા છે.

સદ્‌નસીબે આગને લઈ કોઈની દાઝવાની કે જાનહાનીની ઘટના ઘટી હતી. બન્ને આગના બનાવોને લઈ અફરાતફરી સાથે ચર્ચાનો માહોલ ગરમાયો હતો.

વાપીમાં બ્રહ્મ સમાજ દ્વારા યોજાયેલ રક્તદાન શિબિરમાં

# ૧૦૯મી વાર રક્તદાન કરનાર કિરણ રાવલનું એસ.પી.એ સન્માન કર્યું




**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો) વાપી, તા.૧૪**

સમસ્ત ગુજરાતી બ્રહ્મ સમાજ વાપી વિભાગ દ્વારા તારીખ ૧૪/૦૬/૨૦૨૬ ને રવિવારના રોજ વાપી ગુંજન ઉપાસના સ્કૂલ ખાતે રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વાપીના સમાજ સેવક શ્રી કિરણભાઈ રાવલ દ્વારા પોતાની ૪૩ વર્ષની ઉંમરમાં આજ દિન સુધી ૧૦૯મી વખત રક્તદાન કરવામાં આવ્યું હતું. જેની નોંધ વલસાડ જિલ્લાના એસ.પી.શ્રી જાડેજાએ નોંધ દીધી હતી અને શુભેછા પાઠવી હતી.

વાપીના સમાજ સેવક શ્રી કિરણભાઈ રાવલે પોતાના રક્તથી સેંકડો લોકાના જીવ બચાવ્યા છે. વાપીના સમાજ સેવક શ્રી કિરણભાઈ રાવલ વાપી જ નહીં વલસાડ જિલ્લા તેમજ ધરમપુરના અલગ-અલગ વિસ્તારોમાં રક્તની જરૂર હોય અને સમાજ સેવક પર ફોન આવતાની સાથે જ ત્યાં પહોંચી રક્તદાન કરે છે.

આજ દિન સુધી વાપીના સમાજ સેવક શ્રી કિરણભાઈ રાવલ દ્વારા ચાલતા વાપીના વાપી સોશિયલ ગ્રુપ ચેરિટેબલ ટ્રસ્ટ તરફથી અત્યાર સુધી લગભગ પાંચ વાર રક્તદાન શિબિરનું પણ આયોજન કરી ચૂક્યા છે.

# વિશ્વ રક્તદાતા દિન નિમિત્તે પારડી જીવદયા ગ્રુપ દ્વારા બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો





**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો) વાપી, તા.૧૪**

૧૪મી જૂન એટલે વિશ્વ રક્તદાતા દિવસ, ચાંદ સહિત અન્ય ગ્રહો પર પહોંચી વિજ્ઞાનને ચાર ચાંદ લગાવનારા વિશ્વના વૈજ્ઞાનિકો હજુ સુધી રક્ત (લોહી) બનાવી શક્યા નથી. લોહી ફક્ત અને ફક્ત મનુષ્ય દ્વારા જ મેળવી શકાય છે બીજી તરફ વિશ્વના લોકોની ફાસ્ટ જીવનશૈલી, ફાસ્ટ ફૂડ તથા અકસ્માતોની ભરમારને લઈ ડગલેને પગલે વિવિધ બીમારીઓ તથા અકસ્માતને લઈ માણસને લોહીની જરૂરિયાત ઊભી થઈ રહી છે ત્યારે ફક્ત મનુષ્ય દ્વારા જ મેળવી શકાતુ આ લોહીને લઈ લોકો જાગૃત બને બ્લડ ડોનેશન દ્વારા લોહીની ઉણપ મહદંશે દૂર કરેએ જરૂરી બન્યું છે.

આવા જ કંઈક રક્તની અછતને પહોંચી વળવા પારડી જીવદયા ગ્રુપ દ્વારા મુસ્લિમ સમાજના સહયોગ લઈ આજ રોજ વિશ્વ રક્તદાનના દિવસે પારડી બ્લડ બેન્ક ખાતે એક બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. ખૂબ જ ધગધગતી ગરમી હોવા છતાં મોટી સંખ્યામાં મુસ્લિમ બિરાદરોએ આ બ્લડ ડોનેશન કેમ્પમાં પોતાનું મહત્તમ યોગદાન આપી રક્તદાન કરી આ બ્લડ ડોનેશન કેમ્પને સફળ બનાવ્યો હતો.

એવી જ રીતે હાલમાં પણ કાર્યરત એવી પારડીની એકમાત્ર સદીઓ જૂની ડીસીઓ સાર્વજનિક હાઈસ્કૂલના ૨૦૦૫, ૨૦૦૭ અને ૨૦૦૮ વર્ષના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ વિદ્યાર્થીનીઓ દ્વારા આટલા વર્ષો બાદ ફરી એક મંચ પર આવી સ્કૂલને આર્થિક મદદની સાથે સાથે આજના વિશ્વ રક્તદાતા દિવસ નિમિત્તે રક્તદાન કરી પોતાનું પ્રણ અદા કર્યુ હતું.

આ ઉપરાંત સમાજસેવક એવા શ્રી સંજયભાઈ બારીયાએ ૧૨૨મી વખત રક્તદાન કરી અહીં રક્તદાન કરવા આવેલ દરેક યુવાનો તથા રક્તદાતાઓને પ્રોત્સાહન પૂરૂ પાડ્યું હતું.

આજના આ રક્તદાન કેમ્પમાં પારડી જીવદયા ગ્રુપના પ્રમુખ શ્રી અલીભાઈ અન્સારી તથા એમની સમગ્ર ટીમ, માનવ આરોગ્ય સેવા કેન્દ્ર સંચાલિત બ્લડ બેન્કના ટ્રસ્ટીઓ તથા સ્ટાફ, મોટી સંખ્યામાં બ્લડ ડોનેટ કરનારા મુસ્લિમ બિરાદરો તથા ૨૦૦૫, ૨૦૦૭ અને ૨૦૦૮ વર્ષના સ્કૂલના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ વિદ્યાર્થીનીઓના સહયોગને લઈ આજનો આ બ્લડ ડોનેશન કેમ્પમાં ૬૦ જેટલી રક્ત બેગ મેળવવામાં સફળતા મળી હતી.

# ઉમરગામથી મૂળ ઉત્તરપ્રદેશની ૨૨ વર્ષીય યુવતી ગુમ

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) વલસાડ, તા.૧૪**

ઉમરગામ ગાંધીવાડી, ગોકુલધામ, મહાવીર માર્બલની બાજુમાં, રામાનંદ યાદવની ચાલી ખાતે રહેતી ૨૨ વર્ષીય વંદના દીનેશ ચૌરશીયા (મૂળ રહે.ખાનપુર તા.હુગલી, જિ.મહારાજગંજ, ઉત્તરપ્રદેશ) તા.૩૧/૦૫/૨૦૨૬ના રોજ સવારે ૯-૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરેથી નોકરી પર જવા માટે નીકળ્યા બાદ તેઓ આજદિન સુધી પરત ફર્યા નથી. ગુમ વંદના મધ્યમ બાંધો, શ્યામવર્ણ અને આશરે ૫ ફૂટ ઉંચાઈ ધરાવે છે. તેમણે પીળા કલરને કુર્તી, પાયજામો તથા આછા ગુલાબી કલરના શુઝ પહેરેલા હતા. તેઓ જમણી આંખથી આડું જુએ છે. તેઓ ભોજપુરી અને હિન્દી ભાષા જાણે છે. જો કોઈને પણ આ યુવતીની ભાળ મળે તો ઉમરગામ પોલીસ સ્ટેશનનો નં.૭૦૧૬૪ ૫૪૦૭૮, પોલીસ કંટ્રોલ રૂમ નં.-૦૨૬૩૨-૨૫૩૩૩૩/૨૪૨૯૦૦ ઉપર સંપર્ક કરી જાણ કરવા અખબારી યાદીમાં જણાવાયું છે.

વર્તમાન પ્રવાહ વાંચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. વર્તમાન પ્રવાહ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રિન્ટર, પબ્લિશર, તંત્રી, વર્તમાન પ્રવાહ જૂથ પબ્લિકેશનના માલિક તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.- વ્યવસ્થાપક

Owner, Publisher, Printer & Editor: Mukesh H. Gosavi, Printed at Vartman Pravah Offset Division :- 17-Sapphair Industrial Park, Dabhel, Nani Daman (U.T.), Publication Place : 92 Damanwada, Bhamti, Moti Daman, Daman (U.T.)

# શ્રી સમસ્ત ગુજરાતી બ્રહ્મ સમાજ દમણ દ્વારા યોજાયેલ 'ગુજ્જુભાઈની એક્સચેન્જ ઓફર' નાટકને અભૂતપૂર્વ પ્રતિસાદ





**શ્રી સમસ્ત ગુજરાતી બ્રહ્મ સમાજ કલા, સંસ્કૃતિ અને શિક્ષણ ક્ષેત્રે સમાજોપયોગી પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવા માટે હંમેશા પ્રતિબદ્ધઃ પ્રમુખ જયેશભાઈ જોશી**

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દમણ, તા.૧૪**

શ્રી સમસ્ત ગુજરાતી બ્રહ્મ સમાજ, દમણ દ્વારા તા.૧૩ જૂન, ૨૦૨૬ ના રોજ સ્વામી વિવેકાનંદ ઓડિટોરિયમ, નાની દમણ ખાતે ગુજરાતના સુપ્રસિદ્ધ રંગકર્મી શ્રી સિદ્ધાર્થ રાંદેરિયા દ્વારા નિર્મિત અને અભિનિત લોકપ્રિય ગુજરાતી નાટક 'ગુજ્જુભાઈની એક્સચેન્જ ઓફર'નું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.

નાટક નિહાળવા માટે દમણવાસીઓમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. કાર્યક્રમ સંપૂર્ણપણે હાઉસફુલ રહ્યો હતો અને ઓડિટોરિયમની તમામ બેઠકો અગાઉથી જ બુક થઈ ગઈ હતી. ઉપસ્થિત દર્શકોએ નાટકનો ભરપૂર આનંદ માણ્યો હતો તથા કલાકારોના ઉત્કૃષ્ટ અભિનય અને મનોરંજક રજૂઆતને વધાવી લીધી હતી.

નાટકના પ્રારંભ પૂર્વે શ્રી સમસ્ત ગુજરાતી બ્રહ્મ સમાજ, દમણના પ્રમુખ શ્રી જયેશભાઈ જોશીએ ઉપસ્થિત મહાનુભાવો અને દર્શકોનું સ્વાગત કરીને શ્રી સિદ્ધાર્થ રાંદેરિયાનો પરિચય આપ્યો હતો. તેમણે ગુજરાતી રંગભૂમિ ક્ષેત્રે શ્રી રાંદેરિયાની નોંધપાત્ર સિદ્ધિઓ, તેમની સફળ કારકિર્દી તથા ગુજરાતી થિયેટરને નવી ઊંચાઈઓ સુધી પહોંચાડવામાં તેમના અમૂલ્ય યોગદાન અંગે વિસ્તૃત માહિતી આપી હતી.

પોતાના સંબોધનમાં શ્રી જયેશભાઈ જોશીએ જણાવ્યું હતું કે શ્રી સમસ્ત ગુજરાતી બ્રહ્મ સમાજ કલા, સંસ્કૃતિ અને શિક્ષણ ક્ષેત્રે સમાજોપયોગી પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવા માટે હંમેશા પ્રતિબદ્ધ છે અને ભવિષ્યમાં પણ આવા સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરતું રહેશે. તેમણે આ કાર્યક્રમને સફળ બનાવવા માટે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી સહયોગ આપનાર દમણના નાગરિકોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો તથા ભવિષ્યમાં પણ આવા જ સહકારની અપેક્ષા વ્યક્ત કરી હતી.

કાર્યક્રમ દરમિયાન એક વિશેષ આકર્ષણ તરીકે કવિ શ્રી વિનોદ વ્યાસ દ્વારા રચાયેલ કાવ્યસંગ્રહનું વિમોચન શ્રી સિદ્ધાર્થ રાંદેરિયાના હસ્તે કરવામાં આવ્યું હતું. શ્રી વિનોદ વ્યાસ આયોજક સમિતિના એક સભ્યના પારિવારિક સગા પણ છે.

આ પ્રસંગે શ્રી સમસ્ત ગુજરાતી બ્રહ્મ સમાજ દ્વારા ગુજરાતી રંગભૂમિ અને મનોરંજન જગતમાં તેમના અપ્રતિમ યોગદાનના સન્માનરૂપે શ્રી સિદ્ધાર્થ રાંદેરિયાને વિશિષ્ટ સ્મૃતિચિહ્ન અર્પણ કરવામાં આવ્યું હતું. આ અનોખું સ્મૃતિચિહ્ન તેમના હસ્તનિર્મિત પોર્ટ્રેટ સ્વરૂપે તૈયાર કરવામાં આવ્યું હતું, જેમાં તેમના અનેક લોકપ્રિય ગુજરાતી નાટકો અને ફિલ્મોને કલાત્મક રીતે દર્શાવવામાં આવ્યા હતા. આ સુંદર ચિત્ર દમણના યુવા કલાકાર શ્રી હિરેન કેની દ્વારા તૈયાર કરવામાં આવ્યું હતું. આ સર્જનાત્મક અને લાગણીસભર ભેટની શ્રી રાંદેરિયાએ વિશેષ પ્રશંસા કરી હતી અને તેને પોતાના માટે અત્યંત યાદગાર ગણાવી હતી.

નાટકના સમાપન સમયે શ્રી સિદ્ધાર્થ રાંદેરિયાએ દમણની જનતા તરફથી મળેલા અભૂતપૂર્વ પ્રતિસાદ બદલ આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, તેમની ટીમનો આ દમણમાં પ્રથમ કાર્યક્રમ હતો અને અહીંના દર્શકો તરફથી મળેલો પ્રેમ અને ઉત્સાહ તેમના માટે અત્યંત પ્રેરણાદાયક રહ્યો છે. તેમણે કાર્યક્રમના પ્રચાર-પ્રસાર, આયોજન, વ્યવસ્થાપન અને સમગ્ર સંચાલન બદલ પ્રમુખ શ્રી જયેશભાઈ જોશી તથા તેમની સમગ્ર બ્રહ્મ સમાજ ટીમની મુક્તકંઠે પ્રશંસા કરી હતી.

શ્રી રાંદેરિયાએ દમણ શહેરની સ્વચ્છતા, સુંદરતા અને સુવ્યવસ્થિત વાતાવરણની પણ પ્રશંસા કરી હતી અને જણાવ્યું હતું કે, દમણની સ્વચ્છતાએ તેમને વિશેષ રીતે પ્રભાવિત કર્યા છે.

અંતમાં પ્રમુખ શ્રી જયેશભાઈ જોશીએ કાર્યક્રમને સફળ બનાવવા માટે અવિરત મહેનત કરનાર આયોજક સમિતિના તમામ સભ્યો, સ્વયંસેવકો અને સહયોગીઓનો આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે કાર્યક્રમના પ્રાયોજકો એરિસ્ટો હાઉસવેર, હોટેલ મિરાસોલ, ધાંગરા હોટેલ ગ્રુપ તથા સ્ટે પાર્ટનર હોટેલ ધ એમરાલ્ડનો પણ હૃદયપૂર્વક આભાર માન્યો હતો.

"ગુજ્જુભાઈની એક્સચેન્જ ઓફર" નાટકનું આ સફળ આયોજન શ્રી સમસ્ત ગુજરાતી બ્રહ્મ સમાજ, દમણ દ્વારા સાંસ્કૃતિક અને સામાજિક ક્ષેત્રે કરવામાં આવી રહેલા પ્રયત્નોમાં એક વધુ મહત્વપૂર્ણ સોપાન સાબિત થયું છે તથા સમાજની કલા અને સંસ્કૃતિ પ્રત્યેની પ્રતિબદ્ધતાને વધુ મજબૂત બનાવે છે.

### વિશ્વ રક્તદાતા દિવસ નિમિત્તે

# દાનહ અને દમણ-દીવ સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા રક્તદાન કેમ્પનું કરાયેલું આયોજન






**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સેલવાસ, તા.૧૪**

સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દાનહ અને દમણ-દીવ દ્વારા વિશ્વ રક્તદાતા દિવસ નિમિતે રક્તદાન શિબિર અને રક્તદાતાઓનું સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ દિવસ એબીઓ બ્લડ ગ્રુપ સીસ્ટમના શોધકર્તા કાર્લ લેન્ડસ્ટેઈનરની જયંતિના ઉપલક્ષમાં મનાવવામા આવે છે. આ દિવસનો ઉદેશ્ય સ્વૈચ્છિક રક્તદાનના મહત્વ પ્રત્યે જાગરૂક્તા વધારવાનો અને નિયમિત રક્તદાતાઓને સન્માનિત કરવાનો છે.

આ અવસરે આરોગ્ય સચિવ ગોપી કૃષ્ણાએ કહ્યુ કે રક્તદાન માનવતાની સૌથી મોટી સેવાઓમાથી એક છે. રક્તનો કોઈ જ વિકલ્પ નથી, અને એને કોઈ પ્રયોગશાળામાં તૈયાર નથી કરી શકાતું.જેથી સુરક્ષિત અને પર્યાપ્ત રક્તની ઉપલબ્ધતા માટે સ્વૈચ્છિક રક્તદાન અત્યંત આવશ્યક છે. એમણે જણાવ્યું કે, વર્ષ ૨૦૨૫મા સંઘપ્રદેશમાં ૧૦૦થી વધુ સ્વૈચ્છીક રક્તદાન કેમ્પના માધ્યમથી ૧૨ હજારથી વધુ યુનિટ રક્ત એકત્રિત થયું છે. આ ઉપલબ્ધી નાગરિકો, ઉદ્યોગો, સમાજ સંગઠનો, સ્વયંસેવી સંસ્થાઓ, શૈક્ષણિક સંસ્થાઓ અને સ્વાસ્થ્ય વિભાગના સંયુક્ત પ્રયાસનું પરિણામ છે.

વિશ્વ રક્તદાતા દિવસના અવસરે નિયમિત રક્તદાતાઓ, ઉદ્યોગો, કોર્પોરેટ સંસ્થાઓ, સમાજ સંગઠનો, એનજીઓ, યુવા સમુહો અને અન્ય સંસ્થાઓને રક્તદાન ક્ષેત્રમાં એમના ઉત્કૃષ્ઠ યોગદાન માટે સન્માનિત કરવામા આવ્યા. આરોગ્ય સચિવે પોતે રક્તદાન કરી લોકોને આ પુનિત કાર્ય માટે પ્રોત્સાહિત કર્યા અને લોકોને સક્રિય ભાગીદારી નિભાવવા માટે અપીલ કરી હતી.એમણે જણાવ્યુ કે એક યુનિટ રક્ત કેટલાક લોકોનું જીવન બચાવી શકે છે અને સમાજના પ્રત્યેક વર્ગોને આ અભિયાન સાથે જોડાવું જોઈએ. આ અવસરે અધિકારીઓ, વિવિધ સંસ્થાના પ્રતિનિધિઓ ,રક્તદાતાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# દમણ મેમણ સમાજના યુવા ફૂટબોલર હસનૈન સહિત AIFF ક્વોલિફાય થયેલી દમણની ટીમનું દમણ મેમણ સમાજ દ્વારા કરાયેલું ભવ્ય સન્માન

**હસનૈન મૂક-બધિર હોવા છતાં પોતાના અદ્ભૂત કૌશલ્ય અને મહેનતના બળે સ્ટેટ લેવલની ટીમમાં સ્થાન મેળવી રાષ્ટ્રીય સ્તરે પોતાનું કૌવત બતાવશેઃ સંઘપ્રદેશ દાનહ અને દમણ-દીવ માટે ગૌરવપ્રદ ઘટના**








**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દમણ, તા.૧૪**

દમણની યંગ હાર્ટ ફૂટબોલ ક્લબની ટીમે AIFF Futsal Club Championship-2026 માટે ક્વોલિફાય થઈ સમગ્ર દમણનું ગૌરવ વધાર્યું છે. આ ટીમમાં દમણ મેમણ સમાજનો યુવા ખેલાડી હસનૈન પણ સામેલ છે. ખાસ વાત એ છે કે હસનૈન આશરે ૯૫% દિવ્યાંગ (મૂક-બધિર) હોવા છતાં પોતાના અદ્ભૂત કૌશલ્ય અને મહેનતના બળ પર સ્ટેટ લેવલની ટીમમાં સ્થાન મેળવી હવે રાષ્ટ્રીય સ્તરે રમવા જઈ રહ્યો છે.

વિશ્વભરમાં હાલમાં ફૂટબોલ વર્લ્ડ કપ-૨૦૨૬નો માહોલ જામ્યો છે અને ફૂટબોલનો જાદૂ દરેકના દિલમાં છવાયો છે. આવા ગૌરવપૂર્ણ સમયે દમણ મેમણ સમાજે પોતાના સમાજના યુવા ફૂટબોલર હસનૈન તેમજ દમણની સમગ્ર ટીમનું સન્માન કરીને તેમનો ઉત્સાહ વધારવાનો સરાહનીય નિર્ણય લીધો હતો.

આ અંતર્ગત ગતરોજ દમણના માંજર પાર્ટી હોલ ખાતે દમણ મેમણ સમાજ દ્વારા ભવ્ય સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન હસનૈન સહિત સમગ્ર ફૂટબોલ ટીમનું મોમેન્ટો આપી સન્માન કરવામાં આવ્યું હતું. તેમજ ટીમની આ સફળતા પાછળ મહત્ત્વપૂર્ણ યોગદાન આપનાર કોચ શ્રી પ્રીત ભટ્ટને શાલ ઓઢાડી વિશેષ સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે દમણ મેમણ સમાજના યુવા ક્રિકેટર શ્રી મોહંમદ ઝેદ ફારૂક શિવાણીને પણ મોમેન્ટો અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા હતા.

દમણ મેમણ સમાજના આગેવાન શ્રી મોહંમદભાઈ દયાળાની અધ્યક્ષતામાં આયોજિત આ ઐતિહાસિક કાર્યક્રમમાં ઓલ ઈન્ડિયા મેમણ જમાત ફેડરેશનના ઝોનલ સેક્રેટરી શ્રી મજીદ લધાણી, મુસ્લિમ સમાજના અગ્રણી આગેવાન હાજી ખુર્શીદભાઈ માંજરા, દમણ નગરપાલિકાના કાઉન્સિલર શ્રી અસ્પીભાઈ દમણિયા, શ્રીમતી તમન્નાબેન, શ્રીમતી ફિરદૌસબેન, મેમણ સમાજના અગ્રણી શ્રી સાજનભાઈ સહિત મોટી સંખ્યામાં સમાજના વડીલો અને યુવાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# દમણ જિલ્લા પંચાયતના ઉપ પ્રમુખ રીનાબેન હરિશભાઈ પટેલનું પૂ. બાપુના ધર્મપત્ની કૃપાબેન જાનીએ ભવ્ય સ્વાગત કર્યું : નારી શક્તિને બિરદાવી





**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દમણ, તા.૧૪**

દમણ જિલ્લા પંચાયતના ઉપ પ્રમુખ શ્રીમતી રીનાબેન હરિશભાઈ પટેલનું પૂ. બાપુના ધર્મપત્ની કૃપાબેન જાનીએ ભવ્ય સ્વાગત કરી નારીશક્તિને બિરદાવી હતી.

કુતેશ્વર મહાદેવ મંદિર ૧૨ જ્યોર્તિલીંગ કથામાં હજારો ભક્તો ઉમટી રહ્યા છે. એક ઐતિહાસિક કથા થઈ રહી છે. ભક્તોનો આનંદ અને ખરેખર શ્રી હરિશભાઈ પટેલ (ઉડી બીજેપી ઓબીસી અધ્યક્ષ) નો ઉત્સાહ અને ભવ્ય શિવ પ્રત્યેનો પૂ. બાપુશ્રી મેહુલભાઈ જાનીની આખંમાં આસું આવી ગયા છે. હરિશભાઈ કોઈ પણ સ્વાર્થ વિના ફક્ત શિવની કૃપા દમણ-દીવ સમસ્ત આ પંથકમાં લોકો પણ રહે તેવી ભાવનાથી કથા કરાવી. મહિલા ગૃપ વતી પૂ.બાપુના ધર્મપત્ની કૃપાબેન મેહુલભાઈ જાની દ્વારા શ્રીમતી રીનાબેન પટેલ તથા શ્રીમતી ચંચળબેન ડી. પટેલનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.

પૂ.બાપુએ આ કથામાં દમણના યુવાધનની ભક્તિ બિરદાવી હતી. અદભૂત કથાનું શ્રવણ કરી ભક્તો ભાવવિભોર થઈ ગયા હતા.

આ પ્રસંગે શ્રી હરિશભાઈ પટેલે પૂ. બાપૂને પ્રશ્ન કર્યો હતો કે દમણ-ગુજરાત-ભારતના યુવાનો સુકો નશો જેમકે ગાંજો, ચરસ, પીવે અને ભગવાન શીવનું નામ આપે કે તે પીતા હતા તો પૂ.બાપુ આ યુવાનોને તમે શું સંદેશો આપશો?

પૂ. બાપુએ શ્રી હરિશભાઈની ભાવના જોઈને કહ્યું હતું કે, હરિશભાઈ દમણના યુવાનો ચિંતા કરી આ પ્રશ્ન કર્યો છે. મહાદેવ આવું કંઈ પીતા નથી અને મહાદેવ ફક્ત સ્મશાનમાં ભક્તિનો નશો કરે છે. એટલે યુવાનો ફક્ત ભક્તિમાં નશો કરે તેવી પ્રાર્થના પૂ.બાપુએ કરી હતી. સોમવતી અમાસના દિવસે પૂ.બાપુની કથા અને ભવ્ય ભંડારાનું આયોજન કરવામાં આવ્યું હતું.

# સરકારી લોકમાન્ય તિલક ઉચ્ચ પ્રાથમિક શાળા, ખારીવાડી ખાતે પ્રવેશોત્સવની હર્ષોલ્લાસભેર કરાયેલી ઉજવણી




**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દમણ, તા.૧૪**

સરકારી લોકમાન્ય તિલક ઉચ્ચ પ્રાથમિક શાળા, ખારીવાડી ખાતે તા.૧૩ જૂન, ૨૦૨૬ના શનિવારના રોજ ધોરણ-૧માં પ્રવેશ મેળવનાર નવા વિદ્યાર્થીઓ માટે પ્રવેશોત્સવ કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે નવા વિદ્યાર્થીઓના શાળાપ્રવેશને યાદગાર બનાવવા માટે વિવિધ સ્વાગત પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં શાળાના આચાર્યા શ્રીમતી બીનાબેન ઉપાધ્યાય તેમજ ઉચ્ચ પ્રાથમિક મોડેલ શાળાના આચાર્ય શ્રી મહેશભાઈ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં આયોજીત કાર્યક્રમમાં સમારંભના મુખ્ય અતિથિ તરીકે આસિસ્ટન્ટ ડાઈરેક્ટર ઓફ આઇ.ટી. શ્રીમતી અરુણાબેન ગોવાળે ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે દમણ નગરપાલિકા પ્રમુખ શ્રીમતી દીપિકાબેન ટંડેલ તથા કાઉન્સિલર શ્રી જયંતીભાઈ પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા અને શાળામાં ધોરણ ૧માં નવા પ્રવેશ લેતા વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી હતી.

દરમિયાન શાળામાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓનું તિલક, પુષ્પ અર્પણ અને મીઠાઈ દ્વારા ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. અતિથિશ્રીઓએ વિદ્યાર્થીઓને નિયમિત અભ્યાસ, શિસ્ત અને સંસ્કારયુક્ત જીવન માટે પ્રેરણા આપી હતી.

આ પ્રસંગે તિથિભોજનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેના દાતા શ્રી જયંતીભાઈ પટેલ રહ્યા હતા. શાળા પરિવાર વતી તેમના આ સેવાકીય યોગદાન બદલ આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓએ આનંદપૂર્વક તિથિભોજનનો લાભ લીધો હતો.

આ અવસરે આચાર્યા શ્રીમતી બીનાબેન ઉપાધ્યાયે પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે, દરેક બાળકને ગુણવત્તાસભર શિક્ષણ અને સર્વાંગી વિકાસની તકો પૂરી પાડવા માટે શાળા સતત પ્રયત્નશીલ છે. કાર્યક્રમના સફળ આયોજનમાં શાળાના શિક્ષકગણ, સ્ટાફ તથા વાલીઓએ મહત્ત્વપૂર્ણ સહયોગ આપ્યો હતો.

અંતે સૌના આભાર સાથે કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું હતું.

# દાભેલની સરકારી પ્રાથમિક શાળા ખાતે ભવ્ય શાળા પ્રવેશોત્સવ ઉજવાયો





**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દમણ, તા.૧૪**

દાભેલ સ્થિત ગવર્મેન્ટ અપર પ્રાઈમરી સ્કૂલ ખાતે આજે શાળા પ્રવેશોત્સવ-૨૦૨૬નું ઉત્સાહભેર આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે શ્રી એ.ગોપીકૃષ્ણા, સચિવ (આરોગ્ય અને પરિવાર કલ્યાણ), ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમમાં દાભેલ ગ્રામ પંચાયતના સરપંચ શ્રીમતી હેમાક્ષીબેન કનુભાઈ પટેલ, આટીયાવાડ ગ્રામ પંચાયતના સરપંચ શ્રીમતી સુનીતાબેન પટેલ, શાળાના પ્રિન્સિપાલ શ્રીમતી ભારતીબેન ડી. પટેલ, શિક્ષકગણ, વિદ્યાર્થીઓ તેમજ વાલીગણ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમ દરમિયાન નવપ્રવેશિત વિદ્યાર્થીઓનું સ્વાગત કરવામાં આવ્યું હતું તથા તેમને શિક્ષણના મહત્ત્વ અંગે પ્રેરણા આપવામાં આવી હતી. ઉપસ્થિત મહાનુભાવોએ વિદ્યાર્થીઓને ઉજજવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી.